પ્રકાશન નં. ૧૬

# સીરતે નબવી (સ.અ.વ.) અને ગેરઇસ્લામી વિચારો



(મૌલાના અબુલઆસ વહીદી) (અનુવાદ : મૌલાના શોએબ મેમન જુનાગઢી)

ઈસ્લામિક ઈન્ફોર્મેશન સેન્ટર

હોટલ નુરાની પાસે, ડાંડા બજાર, ભુજ - કચ્છ.

મો. ૮૪૦૧૭ ૮૬૧૭૨

અલ્લાહના નામથી જે બહુજ મહેરબાન પૂષ્કળ રહેમવાળો છે.

# સીરતેનબવી અને ગેરઈસ્લામી વિચારો

(મૌલાના અબુલઆસ વહીદી)

ઈસ્લામની તાલીમ એકદમ ખુલ્લી અને વાસ્તવિકતાને અનુરૂપ (હકીકત પસંદ) છે. તેમાં કોઇ જાતની આંટીઘૂંટી નથી. ઈસ્લામી તાલીમનો અભ્યાસ કરવાથી આ વાત દિવસના અજવાળાની માફક જાહેર થઇ જાય છે કે, ઈસ્લામ એક ખૂલ્લો અને વાસ્તવિક હકીકતોને અનુરૂપ તરીકાઓ અને અમલનો સંદેશો છે.

ઈમાનદારીથી કુર્આન અને હદીષનો અભ્યાસ કરવામાં આવે તો એ હકીકત સરળતાથી સમજાઇ જાય છે કે, ઈસ્લામમમાં પયગંબરે ઈસ્લામની જાત, વ્યકિતત્વ અને તેમના ગુણો અને તેની અગત્યતાઓ અલ્લાહે અર્પણ કરેલી મર્યાદિત છે. જેનાથી એ માલુમ થયું કે અંબિયા (અ.સ.) માફૌકુલબશર (મનુષ્યથી ઉપરવટ) નથી. પરંતુ તેઓ ફઝલ કમાલની ક્ષમતાઓ ધરાવતા હોવા છતાં ઈન્સાન જ હોય છે. તેમની તમામ જરૂરિયાતો ઈન્સાનની જેમ જ હોય છે. અને સમજદારીની વાત પણ એ જ છે કે, અંબિયા (અ.સ.) તેમના ગુણ અને વિશિષ્ઠતાઓમાં ઈન્સાન હોવા જોઈએ. નહીંતર અલ્લાહ અને તેના બંદાઓ વચ્ચેનો ફરક કેવી રીતે બનશે ? પરંતુ એ પણ હકીકત છે કે, અંબિયાઓ સૃષ્ટિમાં તમામ ઈન્સાનો કરતાં અફઝલ અને અશરફ ઈન્સાન હોય છે.

ઈસ્લામી તાલીમના પ્રકાશમાં અલ્લાહ અને રસુલ વચ્ચે ફરક એ છે કે, તમામ સૃષ્ટિ અલ્લાહના કબ્જા હેઠળ છે. અલ્લાહ તમામ દુનિયાઓનો માલિક (સર્વોપરી) છે. જેને ચાહે તેને ઈઝઝત આપે અને જેને ચાહે તેને બરબાદ કરી નાખે. અને રસુલની ઝાત અલ્લાહ પાસે મજબૂર અને લાચાર છે. તેને માફૌકુલફિત્રત (પ્રકૃતિથી ઉપરની) માલિકીનો અખ્ત્યાર આપવામાં નથી આવ્યો. અલ્લાહની ઝાત (પ્રારંભ) થી છે અને અબદ (સદાય) સુધી કાયમ રહેશે. અને તેની પાસે જ હયાતે સર્મદી (અમર જીવન) ની દૌલત છે. અને તેને કદી મૌત નહીં આવે. જયારે રસુલની ઝાત પહેલાંથી વજૂદમાં ન હતી. બાદમાં એક માનવી તરીકે તેમનો જન્મ થયો અને નક્કી કરેલ મુદત સુધી જીવીત રહ્યા અને એક ઈન્સાનની જેમ તેમને પણ મૌત આવી.

અલ્લાહના નુર તજલ્લીનો નાનો કિરણનો લિસોટો પણ પડી જાય તો પૃથ્વી બળીને ભસ્મ બની જાય. જયારે રસૂલ એક ઇન્સાની શરીર ધરાવે છે. તેઓ નૂરી નથી. તેમનો સાયો અને પ્રતિબિંબ (પડછાયો) પણ હોય છે. અને તેમને તમામ ઇન્સાની સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે. તેમ છતાં તેઓ તમામ ઇન્સાનોમાં શ્રેષ્ઠ છે તેમા શંકા નથી.

આ છે અલ્લાહ અને તેના રસુલ વચ્ચે ફરક, જેને સંક્ષિપ્તમાં આપની સામે જાહેર કરેલ છે. અને કુર્આન અને હદીષની તાલીમ પણ એ જ પુરવાર કરે છે. મુસલમાનો જરૂર આ ફરકનો ખ્યાલ રાખે, જેથી અહદ (એક અલ્લાહ) અને અહમદ (રસુલ સ.અ.વ.નો નામ) એક સમાન બનાવવાની વાર્તા જન્મ ન લે. અને દુનિયાના વાતાવરણમાં એ વાત ન સંભળાય કે જે અલ્લાહની ઝાત અર્શ ઉપર સ્થાયી છે તે જ મદીનામાં મુસ્તુફાના સ્વરૂપમાં જાહેર થઇ છે. અને એ વાત પણ ન સંભળાય કે, અલ્લાહના દામનમાં શું છે ? અમને જે કંઇ મેળવવું છે તે મોહંમદ પાસે મેળવી લેશું. જાહેર છે કે એવી પોકળ કલ્પનાઓ અને વિચારોથી અલ્લાહ અને રસુલ વચ્ચે વર્ગીકરણ (સીમા) તૂટી જાય છે. અને તૌહીદનો મોતી ભાંગીને ચૂરચૂર થઇ જાય છે.

અલ્લાહ અને રસુલ વચ્ચે જે ફરક રાખવાની ઇસ્લામે તાલીમ આપેલ છે અફસોસ ઉમ્મતના કેટલાક લોકોએ તેની નોંધ લીધી નથી. અને કેટલાક આંતરિક અને બહારના કારણોના લીધે મુસલમાનોની એક જમાઅત રસુલુલ્લાહ (સ.અ.વ.) ના સંબંધમાં અતિરેક (ગુલૂ) નો શિકાર થઇ ગઇ. અને તેમનામાં એવી ગુમરાહીઓ પેસી ગઇ જેવી વીતી ગયેલ પહેલાંની ઉમ્મતોએ તેમના અંબિયાઓના સંબંધમાં ગુમરાહીઓ ફેલાવી હતી. પરિણામ એ આવ્યું કે, સીરતે નબવી ગૈરઇસ્લામી દોરવણી હેઠળ આવી ગઇ. અને નબીની ઝાત ખુદાઇ સિફાત (ગુણો) ની હરોળમાં નઝર આવવા લાગી.

હદીષમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) ની એક આગાહી પણ મળે છે કે મારી ઉમ્મતમાં વિતી ગયેલી કૌમોની માફક (ખાસ કરીને) બની ઇસરાઇલની માફક ગુમરાહીઓ અંધા ધૂંધ ફેલાઇ જશે. જેમ કે, હદીષ છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર (રઝિ.) ફરમાવ્યું કે, મારી ઉમ્મત એવી સ્થિતિએ પહોંચશે જેવી સ્થિતિ બની ઇસરાઇલની થઇ હતી. ત્યાં સુધી કે, બની ઇસરાઇલમાં કોઇએ પોતાની મા સાથે વ્યાભિચાર કર્યો હશે તો મારી ઉમ્મતમાં પણ એમ જ કરાશે. અને બની

ઇસરાઇલ ૭૨ ફિર્કાઓમાં ફંટાઇ ગઇ હતી. જયારે મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં ફંટાશે. જેમાંથી એક જમાઅત સિવાય બધા ફિર્કાઓ જહન્નમી હશે. લોકોએ પૂછયું કે, તે મુકિત (નજાત) વાળી કઇ જમાત હશે ? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, જેના ઉપર હું અને મારા સહાબાઓ કાયમ છીએ.

(રવાહુ ત્તિર્મિઝી-મિશકાતુલ મસાબીહ મઅ મિર્આતુલ મફાતીહે ૧/૨૯૬)

રસુલુલ્લાહ (સ.અ.વ.) ની આગાહી અક્ષરે અક્ષર સત્ય સાબિત થઇ છે. બીજી ગુમરાહીઓની સાથે જેવી રીતે બની ઇસરાઇલીઓમાં અંબિયા (અ.સ.) ની ઝાત અને સીરતના સંબંધમાં ઈન્હિરાફાત (મોઢું ફેરવવું) પૈદા થયા હતા એવી જ રીતે મુસ્લિમ ઉમ્મતમાં પણ સીરતે નબવીના સંબંધમાં ઈન્હિરાફાત અને નવી ઘડાયેલી બિદઅતો, ગુમરાહીઓ અને અંધશ્રદ્ધાઓએ જન્મ લીધો. સીરતે નબવીની રેલીઓ, મજલિસો, મેળાવડાઓ અને જશ્ને મીલાદુન્નબીના નામથી જે કંઇ હિન્દુસ્તાનમાં મેહફિલો થાય છે જેનાથી દીન અને મિલ્લતને કંઇ ફાયદો તો નથી થતો. અલબત્ત જબરજસ્ત નુકસાન થાય છે. આવી મેહફિલો-રેલીઓ (શોભાયાત્રાઓ) ઈસાઇઓ તેમજ ગેરમુસ્લિમોની નકલ અને દેખાદેખી છે.

## જશ્ને મીલાદુન્નબી પણ જન્માષ્ટમી અને ક્રિસમસ (નાતાલ) ની નકલખોરી જ છે :

આવી મેહફિલો-રેલીઓ સંબંધમાં એવા એવા ફઝાઇલ અને સવાબ ગણાવવામાં આવે છે કે, બસ અલ્લાહની પનાહ. એવી મનઘડત હદીષો ઘડાય છે કે, વિચાર થાય છે કે, આ ઉમ્મતના ભલાભોળા મુસલમાનોને શા કારણે ગુમરાહ કરવામાં આવે છે ?

ઈમામ મુસ્લિમ (રહે.) એ એક હદીષ બયાન કરી છે કે, હઝરત અબુ હુરૈરહ (રઝિ.) કહે છે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, મારી આખરની ઉમ્મતમાં એવા લોકો પૈદા થશે જે તમારી પાસે હદીષો બયાન કરશે. (પરંતુ એ હદીષોને) તમોએ સાંભળ્યું પણ નહીં હોય અને તમારા બાપ દાદાઓએ પણ સાંભળી નહીં હોય. એવી હદીષોથી તમે બચતા રહેશો.

હુઝુર (સ.અ.વ.) ની આ આગાહી પણ આજકાલ અક્ષરે-અક્ષર સત્ય સાબિત થઇ છે. અને કયારેય સાંભળવામાં ન આવી હોય એવી બનાવટી હદીષો સાંભળવા મળે છે.

આ સંક્ષિપ્ત (ટૂંકસાર) પ્રસ્તાવના લખ્યા બાદ, હવે સવિસ્તાર એવા ગેરઈસ્લામી કાર્યો, વિચારો રજૂ કરાય છે જે હિન્દુસ્તાન અને હિન્દુસ્તાન બહાર સીરતે નબવીના નામથી ફેલાવવામાં આવે છે. આ સંબંધમાં ગંભીરતાપૂર્વક, વિવેકપૂર્ણ અને કુર્આન હદીષની દલીલો સાથે દરેક મુદ્દાઓ રજૂ કરવામાં આવશે. ઈન શા અલ્લાહ.

## રસૂલનો માલિક અને મુખ્તાર હોવું

તૌહીદ સંબંધે ઇસ્લામી વિચાર અને દ્રષ્ટિકોણ એ છે કે, અલ્લાહતઆલા સંપૂર્ણ જગતનો માલિક-રિઝક આપનાર-સંચાલક અને વ્યવસ્થાપક (મુન્તઝીમ) છે. તે જ સંપૂર્ણ જગત (સૃષ્ટિ) ની હાજત (જરૂરતો) ને પૂરી કરે છે, અને મુશ્કેલીઓને દૂર ફરમાવે છે. (અને) તેના હાથમાં જ સંપૂર્ણ નેઅમતોના ખજાના છે, અને તે એકલો ઇઝઝત (સન્માન) અને ઝિલ્લત (બરબાદી) આપનાર માલિક છે.

પરંતુ મુસ્લિમોના એક વર્ગનો અકીદો (માન્યતા) એ છે કે, અલ્લાહતઆલાએ કાએનાત (સૃષ્ટિ) ની માલિકી અને તેના વહીવટનો સંપૂર્ણ કારભાર જવાબદારીઓ તેના રસૂલ અને અન્ય નેક બંદાઓને સોંપી દીધી છે. જેના કારણે (તેઓ) મખ્લુક (સૃષ્ટિ) ની હાજતો પૂરી કરી શકે છે, તેમજ મુશ્કેલીઓ આફતોને દૂર કરી શકે છે. ઉપરોકત વર્ગના અકીદા પ્રમાણે અલ્લાહતઆલાએ જગતની સંપૂર્ણ વ્યવસ્થા તેના પ્રિય નેકબંદાઓને સુપરત કરી દીધી છે. અને પોતે (અલ્લાહતઆલા) નિવૃત થઇ ગયો છે. (નઉઝુબિલ્લાહ) તેથી મુશ્કેલીઓના સમયે, તેના નેક બંદાઓથી સંપર્ક કરી મદદ માંગવી જોઇએ. તેમની પાસે જ શિફાઅત (સિફારિશ) માંગવામાં આવે. (કેમ કે) તેઓ અલ્લાહના નાયબ છે. (તેઓ) ઝમીન અને આસમાનના માલિક છે. મૌત આપવી, રિઝક આપવું (એ) તેમના જ હાથમાં છે. તેઓ જેને ચાહે તેને આપી શકે છે અને જેને ચાહે તેને વંચિત રાખી શકે છે.

## આ સંબંધમાં કુર્આનનો ફરમાન

ઉપરોકત વર્ગની માન્યતાઓ તેમની જ કિતાબોમાંથી રજૂ કરતા પહેલાં અહીં કુર્આન મજીદની આયતો રજૂ કરવામાં આવે છે. પછી આ ચોક્કસ વર્ગની માન્યતાનો દ્રષ્ટિકોણ સાથે કુર્આનની આયતોને સરખાવો તો ઉઘાડા દિવસની જેમ જાહેર થઇ જશે કે, સીરતે નબ્વીના વિષયમાં ઉપરોકત વર્ગના અકીદાઓ માન્યતાઓ તદન ગૈરઈસ્લામી છે. આ વિષયે કુર્આનની ઘણી આયતો છે પણ અહીં કેટલીક આયતો રજૂ કરવામાં આવે છે.

**અલ્લાહુમ્મ માલિકલ મુલ્કિ-તુઅતિલમુલ્ક મનતશાઉ-વતનઝઉલમુલ્ક મિમ્મનતશાઉ-વતુઈઝઝુ મનતશાઉ-વતુઝિલ્લુ મનતશાઉ-બિયદિકલ-ખૈર-ઈન્નક અલાકુલ્લિશૈઈન-કદીર.** (સુરએ આલે ઈમરાન-૨૬)

હે માલિકોના માલિક તું જેને ચાહે હકૂમત (સત્તા) આપે, અને જેવી તારી ઇચ્છા હોય (તે પ્રમાણે) તેની હકૂમત (સત્તા) છીનવી લે. તું જેને ઇચ્છે તેને ઇઝઝત આબરૂ આપે અને જેને ચાહે (તેને) ઝલીલ (બદનામ) કરી નાખે, તારા જ હાથોમાં ભલાઇ છે. ખરેખર તું દરેક વસ્તુ ઉપર કુદરત (કાબૂ) ધરાવે છે.

**બિયદિહી મલકૂતુ કુલ્લિશૈઈવ-વઈલૈહિ તુર્જઉન.** (સુરએ યાસીન, ૮૩) તેના હાથમાં જ દરેક ચીજ વસ્તુઓનો અખ્ત્યાર છે. અને તમો સૌને તેની જ પાસે પરત (મૃત્યુ બાદ) જવાનું છે.

**બિયદિહિલ્મુલ્કુ-વહુલ-અલા-કુલ્લિશૈઈન કદીર.** (સુરએ મુલ્ક, ૧) તેના જ હાથમાં બધી સત્તા છે અને તે દરેક વસ્તુ ઉપર વર્ચસ્વ (કાબૂ) ધરાવે છે.

**લાઈલાહ ઈલ્લાહુવ યુહયી વયુમીત.** (સુરએ અન્કબુત ૮) તેના સિવાય કોઇપણ બંદગીને લાયક નથી. તે જ જીવન આપે છે, અને મૌત આપે છે.

**ઈન્નલ્લાહ-હુવર્રઝઝાકુ ઝુલકુવ્વતિલ મતીન.** (સુરએ ઝારિયાત, ૫૮) નિઃશંક, અલ્લાહ જ રોઝી આપનાર, તાકાતવાળો અને મજબૂત છે.

**મામિન દાબ્બતિન ફિલઅર્ઝિ ઈલ્લા અલલ્લાહિ રિઝકુહા.** (સુરએ હૂદ, ૬) ઝમીનની ઉપર દરેક જીવ ધરાવનાર (જીવતા) ને રિઝક (રોજી) પુરૂં પાડવું (તે) અલ્લાહની જવાબદારી છે.

**ઈન્નરબ્બી યબ્સુતુર્રિઝક લિમૈંયશાઉ-વયકદિર.** (સુરએ સબા, ૩૬) બેશક, મારો પરવરદિગાર જેને ઇચ્છે તેને વધુ રોઝી આપે છે અને જેને ઇચ્છે તેને

તંગી કરી દે છે.

ઉપરોકત આયતોથી એ (જાણકારી) હાસલ થાય છે કે, અલ્લાહતઆલાને જ દરેક માલિકી અને અખ્ત્યાર અને તસર્રુફ (વર્ચસ્વ) કુદરત (પ્રભુત્વ) હાસલ છે. કુર્આન શરીફમાં એવી પણ આયતો છે, જેમાં ખૂલાસાવાર બતાવવામાં આવ્યું છે કે, કોઈપણ નબી અથવા રસૂલને કોઈપણ જાતની માલિકી અને અખ્ત્યાર (કાબૂ) હાસલ નથી થયા. અને (તેઓ) કોઈના પણ નફા-નુકસાનના માલિક નથી. ત્યાં સુધી કે, તેઓ સ્વયં (ખુદ) ના પણ નફા-નુકસાનીના માલિક નથી. આ સંબંધમાં કુર્આનની કેટલીક આયતો જોઈએ.

**કુલઈન્ની લા અમ્લિકુ ઝર્રૌ વલા રશદા.** (સુરએ જિન્ન, ૨૧) હે નબી આપ કહી દો કે નિઃશંક હું તમારા નફા અને નુકસાનનો માલિક નથી.

**કુલ લા અમ્લિકુ લિનફસી ઝર્રૌ વલાનફઅન ઈલ્લામાશાઅલ્લાહ.** (સુરએ યુનુસ ૪૯) હે નબી આપ એલાન કરી દો, કે હું પોતે મારા નફા અને નુકસાનીનો માલિક નથી, પરંતુ જો અલ્લાહ ઈચ્છે.

## બિનઈસ્લામી અકીદાઓ

હવે ઉપરોકત વર્ગના અકીદાઓ તેમની જ કિતાબોમાંથી વાચન કરતાં એ સાફ જાહેર થાય છે કે, સીરતેનબ્વીના સંબંધમાં તેમનો દ્રષ્ટિકોણ ઈસ્લામથી કેટલો દૂર છે.

(૧) જનાબ અહમદ રઝા બરેલ્વી રસુલુલ્લાહની શાનમાં અતિરેક કરતાં લખે છે કે, **"કાદિરેકુલકે નાયબે અકબર-કુનકારંગ દિખાતે હૈં યેહ, ઉનકે હાથમેં હરકુન્જી હૈ, માલિકેકુલ કેહલાતે હૈં યેહ."**

અહમદ રઝાબરેલ્વીના પુત્ર ઉપરોકત શેરનો ખુલાસો કરતાં લખે છે કે, જે નેઅમત સમગ્ર વિશ્વમાં કોઈપણ જગ્યાએ જાહેર થાય છે, તે રસુલુલ્લાહ (સ.અ.વ.) અતા ફરમાવે છે. કેમ કે તેમના હાથમાં જ બધી ચાવીઓ છે. અલ્લાહના ખજાનામાંથી કોઈ વસ્તુ બહાર નથી નીકળતી પણ મોહંમદ (સ.અ.વ.) ના હાથેથી નીકળે છે. હુઝુર (સ.અ.વ.) ની ઈચ્છા પ્રમાણે જ વાત પૂરી થાય છે. તેમના વિરૂદ્ધ થતી નથી. નબી (સ.અ.વ.) ની ઈચ્છાને દુનિયામાં કોઈ ફેરવી શકતો નથી.

(અલઈસ્તિમ્દાદ અલા અજચાલિ-લઈરતિદાદ પા.નં.૩૨-૩૩)

તેમના એકબીજા આલિમ જનાબ નઈમુદ્દીન મુરાદાબાદી લખે છે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) ઉદાર અને સખી દાતા છે. અમે તેમના મોહતાજ છીએ તો શા માટે તેમનાથી મદદ ન માંગીએ ? (મવાઈઝ નઈમિચહ પા.નં. ૨૭)

એક જગ્યાએ અહમદ રઝા બરેલ્વી તેમના ફતાવામાં લખે છે કે, હુઝુર (સ.અ.વ.) ખલીફએ આઝમ છે અને ઝમીન આસમાનનો વહીવટ કરે છે. (ફતવા રઝવીચહ્ ૨/૧૫૫)

તેમજ એક જગ્યાએ લખે છે કે, દરેક વસ્તુ દરેક નેઅમત, દરેક દૌલત, દીનમાં અને દુનિચામાં તેમજ આખિરતમાં આદિથી આજ સુધી આજથી કચામત સુધી જેને મળી છે અથવા મળે છે તે હુઝુર (સ.અ.વ.) ના હસ્ત મુબારકથી મળી છે અથવા મળે છે. (ફતાવા રઝવિચહ ૨/૫૭૭)

તેમની એક જાણીતી કિતાબ બહારે શરીઅત પેજ નં. ૧/૧૫માં લખેલ છે કે, તમામ ઝમીન તેમની માલિકી છે. તમામ જન્નત તેમની જાગીર છે. મલકૂતુસ્સમાવાત વલઅર્ઝ. (ઝમીન આસમાનની માલિકી) હુઝુરની સત્તા હેઠળ છે. તેમને જન્નત અને જહન્નમની ચાવીઓ સુપરત કરવામાં આવી છે. ખોરાક અને રિઝક અને દરેક પ્રકારની બક્ષિસો હુઝુરના દરબારમાંથી વિતરણ થાય છે. દુનિચા આખિરત હુઝૂરને આપવામાં આવેલ બક્ષિસોનો એક હિસ્સો છે. (બહારે શરીઅત ૧/૧૫)

(એવી રીતે તેમના બીજા ઉલમાઓએ પણ કિતાબો લખી છે. જેમ કે, જનાબ દીદારઅલી, જનાબ હશમતઅલી, જનાબ અહમદચાર ગુજરાતી વિ.વિ.)

શું ઉપરોકત અકીદાઓ ઈસ્લામી શરીઅતની માન્યતા વિરૂદ્ધ નથી ? શું એમના અકીદાઓ અને કુર્આન સુન્નત સાથે સમાનતા છે ? શું તેમના આ અકીદાઓ વાંચી એ વાત જાહેર નથી થતી કે તેમનો હેતૂ મુશરિક લોકોના અકીદાઓ અને અરબ અજ્ઞાનકાળના વિચારોની પ્રથા અને પ્રચાર છે ? શું મક્કાના મુશરિકોના અકીદાઓ એવા જ ન હતા ?

# મક્કહના મુશરિકોનો અકીદો

કુર્આન મજીદનો અભ્યાસ કરવાથી તો એ જાણ થાય છે કે, મક્કહના મુશરિકો અલ્લાહને જ ખાલિક (પૈદા કરનાર) માલિક અને રોઝીનો આપનાર માનતા હતા. આ સંબંધમાં કુર્આન મજીદની કેટલીક આયતો જોઈએ.

(હે નબી !) તમે તેમને પૂછો તે કોણ છે ? જેના હાથમાં તમામ વસ્તુઓનો અખ્તિયાર (કબજો) છે અને તે જ પનાહ (આશરો) આપે છે. તેના મુકાબલામાં કોઈ આશરો આપી શકતો નથી. અગર તમને ખબર છે (તો બતાવો) તેઓ જરૂર (એમ જ) કહેશે કે, અલ્લાહ છે. આપ તેમને કહો પછી શા માટે (શક) કરો છો ? (સૂરએ અનકબૂત ૬૧)

આપ તેમને પૂછો કે ઝમીન અને તેની તમામ વસ્તુઓ કોના થકી છે. જો તમને ખબર હોય તો (બતાવો) તેઓ જરૂર એ જ જવાબ દેશે કે, અલ્લાહ થકી છે. પછી તમે લોકો શા માટે નથી વિચારતા ? આપ તેમને પુછો કે, સાતેય આસમાન અને અર્શનો માલિક કોણ છે ? તેઓ જરૂર કહેશે કે અલ્લાહ, તેમને કહો તો શા માટે તેનાથી ડરતા નથી ? (સૂરએ મુઅમેનુન ૮૪ થી ૮૭ સુધી)

આ આયતો એ હકીકત દિવસના અજવાળાની જેમ જાહેર કરે છે કે, મક્કાના મુશરિકો થોડું ઘણું અલ્લાહ (રબ) ની તૌહીદને તો માનતા હતા. અને અલ્લાહતઆલાને ઝમીન આસમાનનો પૈદા કરનાર (ખાલીક) અને માલિક અને (તેને જ) મુખતિયાર અને કારભાર કરનાર મુતસર્રિફ માનતા હતા. પરંતુ આ વર્ગ પોતાના અકીદાઓમાં તેમના કરતાં પણ ઉતરતી કક્ષાના છે. અલ્લામહ અબુલ ઈઝ્ઝ હનફી શારેહ અકીદહ તહાવિયહ તૌહિદે રૂબુબિયતની ચર્ચા કરતા લખે છે કે, અરબના મુશરિકો રબની તૌહીદને ઓળખતા હતા. અને એ વાતને પણ ઓળખતા હતા કે આસમાન અને ઝમીનનો પૈદા કરનાર એક (અલ્લાહ) છે. જેમ કે અલ્લાહે તેમના વિશે ખબર આપેલ છે.

(શરહ અકીદતુત્તહાવિયહ મતબુઅહ બેરૂત પા.નં.૭૯)

અરબના મુશરિકો રબની તૌહીદ માનતા હોવાના અહેવાલ તૌહીદ અને અકીદા (માન્યતા) ની ઘણી કિતાબોમાં મળે છે. જેમ કે, તૈસીરૂલઅઝીઝુલહમીદ શરહ કિતાબુત્તૌહીદ અને શરહ ફિકહુલ અકબર વિગેરે વિગેરે.

## રસુલથી ફરિયાદ

રસુલુલ્લાહ (સ.અ.વ.) અને બીજા ઔલિયાઓને મુશ્કેલીઓમાં પોકારવું પણ ગૈર ઇસ્લામી વિચારણા છે. જે સાચી તૌહીદ વિરૂદ્ધની વિચારણા છે. અલ્લામહ ઈબ્નેકૈયિમ, અલ્લામહ ઈબ્નેતૈમિયહ વિગેરે તૌહીદના વિષયમાં તૌહીદના ત્રણ પ્રકાર બતાવેલ છે. (૧) તૌહીદે રૂબુબિયત એટલે કે, અલ્લાહને રબ માનવું અલ્લાહને જ પૈદા કરનાર ખાલીક, માલિક અને રિઝક આપનાર અને નફો-નુકસાન આપનાર માનવું. બીજો પ્રકાર તૌહીદે અસ્મા વસિફાત, અલ્લાહના તે તમામ નામો અને ગુણ વિશેષતાઓ ઉપર ઈમાન લાવવું જે કુર્આન અને હદીષથી સાબિત છે. અને તૌહીદે ઉલુહિયત એટલે દરેક જાતની બંદગી ખાસ અલ્લાહતઆલાની જ કરવી. (તૈસીરૂલ અઝીઝુલહમીદ, શરહ કિતાબુત્તૌહીદ પેજ નં. ૩૩) તૌહીદે ઉલુહિયત અને ઈબાદતમાં ઘણી વસ્તુઓ શામિલ છે. જેમ કે, મોહબ્બત, ભરોસો, ડર, આશા, નમાઝ, રૂકઅ સજદો, દુઆ-કુરબાની નઝર માનવી, તવાફ-તૌબહ-મદદ તલબ કરવી, વિગેરે વિગેરે. કેમ કે, અરબ મુશરિકો અને ઘણી કૌમો તૌહીદે રૂબુબિયત અને તૌહીદ અસ્મા-સિફાતને તો માનતા હતા. ફકત તૌહીદે ઉલુહિયતનો ઈન્કાર કરતા હતા. એટલા માટે અંબિયા (અ.સ.) ની દાવત પ્રચારનો કેન્દ્રબિન્દુ તૌહીદે ઉલુહિયત અને ઇબાદત બંદગી હતું અને ઈબાદતની સૌથી મહત્વની વસ્તુ અને ઈબાદતની રૂહ (આત્મા) દુઆ છે. એટલા માટે જ ઘણી હદીષોમાં દુઆને ઈબાદત કહેવામાં આવેલ છે. જેથી તૌહીદનો તકાદો છે કે, ફકત અલ્લાહને જ પોકારવામાં આવે, તેને જ ફરિયાદ કરવામાં આવે, અને મુસીબતોમાં તેને જ બોલાવવામાં આવે.

## કુર્આનની આયતો અને હદીષો

આ સંબંધમાં કુર્આનની કેટલીક આયતો જોઈએ.

(૧) અલ્લાહતઆલાને જ પોકારો અને તાબેદારી ખાસ તેની જ કરો. ભલે મુશરિકોને ન ગમે. (સુરએ ગાફિર-૪૧)

(૨) તમારો રબ કહે છે કે, મને પોકારો હું તમારી દુઆ સાંભળીશ. (સુરએ ગાફિર-૬૦)

(૩) જયારે મારો બંદો તમને મારા વિશે પૂછે તો (કહો કે) હું (તેની) નજીક છું. પોકારનાર જયારે (મને) બોલાવે છે, તો હું તેની પુકાર સાંભળું છું.

(સુરએ બકરહ-૧૮૬)

(૪) અલ્લાહ સિવાય કોઈને પણ ન પુકારો જે (બીજા) ન તો કોઈ લાભ આપી શકે છે અને ન નુકસાન (પહોંચાડી શકે છે) જો તમે એવું કરશો (અલ્લાહ સિવાય બીજાને પુકારશો) તો તમે બેશક ઝાલિમોમાં ગણાશો.
(સુરએ યુનુસ ૧૦૬)

(૫) કોણ છે જે બેકરાર લોકોની દુઆઓ સાંભળે છે, અને તકલીફો દૂર ફરમાવે છે. અને તમને જમીનમાં એકબીજાનો જાનશીન (વારસદાર) બનાવે છે. શું અલ્લાહની સાથે બીજો કોઈ ઈલાહ છે ? તમે ઘણું ટૂંકુ વિચારો છો.
(સુરએ નમલ ૬૨)

## આ સંબંધમાં (નબી સ.અ.વ. નો ફરમાન) હદીષ જોઈએ.

રસુલુલ્લાહ (સ.અ.વ.) ના વખતમાં એક મુનાફિક હતો જે મુસલમાનોને તકલીફો આપતો હતો. કેટલાક લોકોએ કહ્યું કે ચાલો (આ સંબંધે) રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસેથી મદદ માંગીએ. રસુલુલ્લાહ (સ.અ.વ.) એ તેમને કહ્યું કે, જુઓ મારી પાસે મદદ ન માંગો, મદદ તો ફકત અલ્લાહથી જ માંગવી જોઈએ.
(રવાહુત્તબ્રાની પા.નં. ૨૯)
(કિતાબુતૌહીદ મુહંમદ બિન અબ્દુલ વહ્હાબ (રહ.))

## બિનઈસ્લામી અકીદાઓ

ઉપરોકત આયતો અને હદીષો એ તાકીદ કરે છે કે, ફકત અલ્લાહને જ પુકારવું જોઈએ. ફરિયાદ તેને જ કરવી જોઈએ. મુશ્કેલીઓને દૂર કરનાર તેને જ સમજવું જોઈએ. આ વિષયમાં પણ આ વર્ગના અકીદાઓ તદ્દન ઈસ્લામ વિરૂદ્ધ છે. તેઓ કહે છે કે રસુલુલ્લાહ (સ.અ.વ.) અને ઔલિયાઓ હાજતોને પૂરી કરનારા, મુશ્કેલીઓને દૂર કરનારા-ફરિયાદોને સાંભળનારા-આપનાર દાતા છે. એટલે તેમને પુકારવું-મદદ માંગવી, ફરિયાદ કરવામાં કંઈ વાંધો નથી. પરંતુ એ તો પસંદ પામેલો સારો અમલ છે. કેમ કે તેઓ માલિક-મુખ્તાર અને દુનિયાનો

કારભાર ચલાવનાર છે. જનાબ અહમદ રઝાબરેલ્વી લખે છે કે, હુઝુર (સ.અ.વ.) દરેક મુસીબતમાં કામ આવે છે. હુઝુર (સ.અ.વ.) સારૂં વળતર આપનારા છે. આજીઝી અને પામરતા સાથે હુઝુરને પુકારો હુઝુર જ દરેક બલાઓને ટાળનારા છે. (અલ અમન વલ ઉલા (અહમદરઝા બરેલ્વી) પા.નં. ૧૦)

બીજા ઔલિયા વિશે એહમદ રઝા બરેલ્વીનો અકીદો જુઓ. અંબિયા રસુલો અને ઔલીયા નેક ઉલમાઓ સાલેહ બંદાઓથી તેમના મરણબાદ પણ મદદ માંગવી ફરિયાદ કરવી જાઇઝ છે. ઔલિયા અંબિયા મૃત્યુ બાદ પણ દુનિયામાં કાર્યરત રહે છે.
(રિસાલા હયાતુલ અમવાત દર્જ દર ફતાવા રઝવિયહ ૪/૩૧૦)

તે વર્ગના ઉલમાઓનો એ અકીદો એટલા માટે છે કે, તેમના ખ્યાલે અલ્લાહતઆલાએ લોકોની હાજતો પૂરી કરવા માટે અમુક બંદાઓને ખાસ મહત્વ આપેલ છે. તે સંબંધે અહમદ રઝાનો ખુલાસો વાંચો.

અલ્લાહતઆલાના અમુક ખાસ બંદાઓ એવા છે કે અલ્લાહતઆલાએ તેમને હાજતો પૂરી કરવા ખલ્ક માટે (પૈદા કરેલી સૃષ્ટિ માટે) ખાસ મુકર્રર કરેલ છે. જેથી લોકો પરેશાનીથી ગભરાઇ જઇ તેમની પાસે હાજતો માંગે છે.
(અલ અમન વલ ઉલા અહમદરઝા બરેલ્વી લાહોરમાં છપાયેલ પેજ નં. ૨૯)

બરેલ્વી મકતબના વિચારોની બીજી કિતાબોમાં પણ એ જ અકીદો રસુલુલ્લાહ (સ.અ.વ.) અને બીજા અંબિયા ઔલિયા વિશે મૌજૂદ છે. જાહેર છે કે, આ અકીદાઓ તદ્દન ઈસ્લામ વિરૂદ્ધના છે. અને એ એવા જ શિર્ક સમાન છે. જેને અરબના મુશરિક લોકો આચરતા હતા.

## અરબના મુશરિકોની હાલત

પરંતું આ સંબંધમાં જો એવું કહીએ તો વાજબી ગણાશે કે સીરતુન્નબી અને બીજા ખુદાના બંદાઓના વિશે તેમના અકીદાઓ અરબના મુશરિકો કરતાં પણ વધુ ખરાબ છે. તે એટલા માટે કે, એ વર્ગના લોકો દરેક હાલતમાં ગૈરૂલ્લાહ અલ્લાહ સિવાય બીજાઓને જ પૂકારે છે, પછી સારી સ્થિતિમા અથવા મુશ્કેલીઓમાં હોય. જેનો અનુભવ અમને અમારા દેશમાં (ભારતમાં) થાય છે.

મક્કહના મુશરિકોની સ્થિતિ એ હતી કે તેઓ સામાન્ય જાહેરજીવનમાં ગૈરૂલ્લાહથી મદદ માંગતા હતા પરંતુ દરિયાઇ મુસાફરી દરમિયાન કોઇ મોટી બલા

અમ્બિયા અવલિાય ઉપર મૌત નથી આવતી પરંતુ તેમને સજીવ દફન કરવામાં આવે છે. અને તેમની કબ્રની ઝિન્દગી દુનિયાની ઝિન્દગી કરતાં મજબૂત અને શ્રેષ્ઠ હોય છે.

આ સંબંધે અહમદ રઝા બરેલ્વી લખે છે કે, અમ્બિયા (અ.સ.) નું અસલી જીવન હિસીવ દુન્યવી (દુનિયાની ઉત્તેજનાથી ભરેલું) છે. તેમના ઉપર મૌત તો અલ્લાહના વાયદાની સચ્ચાઇ દેખાડવા માત્ર નામ ખાતર આવે છે. ત્યારબાદ તેમને એ જ રાબેતા મુજબનું જીવન આપવામાં આવે છે અને આ નવજીવનની પ્રક્રિયાઓ અને હુકમો એ જ છે જે દુનિયાના રાબેતા મુજબના જીવનમાં હોય છે. (તેથી) તેમનો વારસો વિત્તરણ કરવામાં નથી આવતો. તેમની પત્નીઓ જોડે નિકાહ હરામ તેમજ તેમની પત્નીઓ ઉપર ઇદ્દત નથી. તેઓ તેમની કબરોમાં ખાય છે, પીએ છે, નમાઝ પઢે છે. (મલફુઝાત અહમદ રઝા બરેલ્વી ૩/૨૭૬) તેમની કબ્રોમાં જીવતા છે, તેઓ હલનચલન કરે છે, નમાઝ પઢે છે, વાતચીત કરે છે અને પ્રજા (મખ્લુક) ના મામલાઓમાં અધિકાર રાખે છે. (હયાતુન્નબી અલકાઝિમી પેજ નં. ૩)

તેમના અકીદા પ્રમાણે જયારે સહાબાઓએ રસુલુલ્લાહ (સ.અ.વ.) ને દફન કર્યું ત્યારે આપ જીવીત હતા. જનાબ અહમદ રઝા બરેલ્વી લખે છે કે, ‘‘આપને કબ્ર શરીફમાં ઉતારતી વખતે આપ (સ.અ.વ.) ઉમ્મતી-ઉમ્મતી ફરમાવી રહ્યા હતા.’’ (રિસાલા નફીયુલ્ફય અમ્મત અનારબિનુ રિહીકુલ્લશય મશ્મુલા રસાઇલ મજમુઅહ રઝવિયહ પાના ૧૭)

અહમદ રઝા બરેલ્વીના એક અનુયાયી જનાબ કાઝમી લખે છે કે, જયારે રસુલુલ્લાહ (સ.અ.વ.) ની રૂહ ખેંચવામાં આવતી હતી તે વખતે આપના શરીર મુબારકમાં જીવ હતો. (હયાતુન્નબી લિલકાઝિમી ૧૦૪)

એક બીજા આલિમ અહમદયાર ગુજરાતી લખે છે કે, અમારા ઉલમાઓએ ફરમાવેલ છે કે, હુઝૂર (સ.અ.વ.) ની ઝિન્દગી અને મૌતમાં કોઇ ફરક નથી. પોતાની ઉમ્મતને દેખે છે (નિહાળે છે) અને તેમની સ્થિતિ તેમની નિય્યત, ઇરાદાઓ અને દિલની વાતોને જાણે છે. આ બધું આપની ઉપર જાહેર છે અને તેમાંથી કંઇપણ છુપું (ગુપ્ત) નથી. (જાઅલહક્ક પા.નં. ૧૫)

# કુર્આનની આયતો અને હદીષો

તમામ અમ્બિયાઓ ઇન્સાન હતા. એટલે તેમની ઉપર એ તમામ ઇન્સાની જરૂરી નિયમો લાગુ પડયા જે આદમી ઉપર લાગુ થાય છે. એ જ જરૂરી ઇન્સાની નિયમોમાંથી મૌત પણ એક જરૂરી નિયમ છે. જે તમામ અમ્બિયા અને રસુલોને ભોગવવું પડેલ છે. કુર્આન, હદીષ અને તવારીખ, સીરતની કિતાબોમાં અમ્બિયા-રસુલની મૌત અને તેમના કતલ થવાના પ્રસંગો જોવા મળે છે. અમ્બિયા (અ.સ.) ની સાથે જનાબ મોહંમદુર્રસુલુલ્લાહ (સ.અ.વ.) ની મૌત વિશે એક મહત્વની કુર્આની આયત વાંચીએ.

અર્થાત : અને મોહંમદ તો બસ એક રસુલ જ છે. તેમની પહેલા ઘણા રસુલો ગુજર્યા છે તો જો તેઓ મૃત્યુ પામે અથવા કતલ થઇ જાય તો શું તમે વળતે પગલે પાછા વળી જશો ? અને જો કોઈપણ વળતે પગલે પાછો વળી જશે તે અલ્લાહને જરાય નુકસાન નહીં કરે, અને અલ્લાહ ટૂંક સમયમાં જ શુક્ર કરનારાઓને વળતર આપશે.(આલેઈમ્રાન ૧૪૪)

વિખ્યાત રોશન ખ્યાલ દેવબંદી ઉલમા અ.મજીદ દરિયાબાદી (રહ.) આ આયતનો પ્રશ્ન સૂચક અંદાજ અને તેની નાઝિલ થવાની શાન વિશે ખુલાસો કરતાં લખે છે કે, સવાલ કરવાનો મતલબ એ છે કે, જયારે દીનની હકીકત તમારી નજરમાં સાબિત થઇ ચૂકી તો હવે કાસદ અને પયગંબરોની ઝિન્દગી અને મૌતની આ હકીકતની સચ્ચાઇ ઉપર શું અસર થાય ?

ઓહદની લડાઇમાં જયારે નબી (સ.અ.વ.) જખ્મી થયા અને કોઇ શૈતાને એવી અફવાહ ફેલાવી કે આપ (સ.અ.વ.) દુનિયામાંથી રૂખ્સત થઇ ગયા. તો અમુક સહાબાઓએ આ અતિ ગમગીન ખબર સાંભળી ઉચાટ, ગમગીન, ભગ્નહૃદયે જંગનો મૈદાન છોડવાનું શરૂ કરી દીધું અને મુનાફિકોનું હંગામી સમય માટે કામ બની ગયું. તેઓએ સતત કટાક્ષ કરવું અને વટલાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આયતમાં આ તમામ ઘટના તરફ ઈશારો છે. રસુલુલ્લાહ (સ.અ.વ.)ની વફાતમાં હજી ઘણા વરસોની મુદત બાકી હતી. પરંતુ ઉમ્મતને હમણાથી તેના માટે તૈયાર કરવામાં આવે છે.

(તફસીર માજિદી ૧/૬૫૧ લખનૌમાં છપાયેલ)

સુરએ ઝુમર જે હિજરત પહેલા મક્કાહમાં નાઝિલ થઇ હતી તેના અવતરિત થવાની હાલત એ છે કે, કુફ્ફાર અને મુશરિકો રસુલુલ્લાહ (સ.અ.વ.) અને સહાબાઓ ઉપર જોરજુલમના પહાડો તોડી રહ્યા હતા અને તેઓ (કાફિર અને મુશરિકો) આખિરત (મૃત્યુ પછી પરલોકના જીવન) થી ગાફેલ ઘણી જ તોફાની (આતંકિત) ઝિન્દગી ગુઝારી રહ્યા હતા. આ સુરતમાં અલ્લાહતઆલાએ એક જગ્યાએ વર્ણન કરેલ છે કે, આખરે એક સમય એવો આવશે કે હે નબી, તમે પણ મરી જશો અને આ લોકો પણ. પછી કયામતા દિવસે મામલો અલ્લાહ સમક્ષ રજૂ કરવામાં આવશે. આયતનો તરજુમો આ પ્રમાણે છે.

**“આપને પણ મરવું છે, અને તેમને પણ મરવું છે પછી કયામતના દિવસે તમે મુકદ્દમાઓ (ફરિયાદો) અલ્લાહની પાસે રજૂ કરશો.”** (સુરએ ઝુમર ૩૦/૩૧)

આ બન્ને આયતો રસુલ (સ.અ.વ.) અને તમામ અમ્બિયા (અ.સ.) ની મૌત માટે દલીલ સાબિત કરે છે. આ સંબંધે હઝરત અબુબક્ર સિદ્દિક (રઝિ.) ની ખિલાફતની શરૂઆતનો એક મહત્વનો બોધપાઠરૂપી પ્રસંગ રજૂ કરીએ છીએ. હઝરત આઈશા (રઝિ.) બયાન કરે છે કે, જયારે રસુલ (સ.અ.વ.) ઉપર નાછૂટકે મોત આવી ગઇ ત્યારે અબુબક્ર સિદ્દિક મુકામે સખમાં હતા. અને અહીં મક્કાહમાં લોકોની હાલત એવી હતી કે તેઓ ગમ અને શોકમાં હિંમત હારી ગયા હતા. હઝરત ઉમર તો તેમની સહનશીલતા એટલી હદે ગુમાવી બેબાકળા થઇ ગયા હતા કે તેઓ એવું ખ્યાલ કરવા લાગ્યા કે આપની ઉપર મૌત આવી નથી. તેઓ કહેવા લાગ્યા કે, જે માણસ એવું કહેશે કે આપ મૃત્યુ પામ્યા છે તો હું તેની ગરદન વેતરી નાખીશ. એટલામાં હઝરત અબુબક્ર આવી ગયા. (સૌ પ્રથમ) હુઝુર (સ.અ.વ.) ના શબ પાસે જઇ તેમને ચુંબન કર્યું  અને હમ્દોસલાત અદા કર્યા પછી એક યાદગાર ખુત્બો આપ્યો. અને રસુલુલ્લાહ (સ.અ.વ.) ના મૃત્યુ વિશે મજકૂર કુરઆનની આયત પઢી અને ઘણા જ મજબૂત અડગ ઈરાદા સાથે ફરમાવ્યું.

**“લોકો સાંભળો જે લોકો મોહંમદ (સ.અ.વ.) ની ઈબાદત કરતા હતા તો ખરેખર આપ (સ.અ.વ.) મૃત્યુને શરણે થયા છે. અને જે, અલ્લાહની ઈબાદત કરતા હતા તો અલ્લાહતો જીવતો અને અમર છે. તે કયારેય મૃત્યુ નહીં પામે.”**

(જામે ઉસ્સહીહ બુખારી ૧/૫૧૭ બાબ મનાકિબ અબીબક્ર હીન્દમાં છાપેલી)

ત્યારબાદ તમામ સહાબાઓને નિરાંતવાળી અને સંયુકત રીતે (એકી સાથે) બધા લોકોએ આપની મૌતનો ભરોસો કરી લીધો. તે સિવાય હદીષ અને સીરતની તમામ કિતાબોમાં જુદી જુદી શૈલીમાં ટૂંકમાં તેમજ ખુલાસાવાર આપની મૌતનો વર્ણન છે. જેનાથી એ વાત અટલ હકીકત બનીને જાહેર થાય છે કે, બીજા ઇન્સાનોની માફક આપની ઉપર પણ મૌત આવેલ છે.

## એક ખોટી દલીલ

જનાબ અહમદ રઝા સાહેબ બરેલ્વી એવી દલીલ કરે છે કે, આપની મૌત ન થઇ હોવાને કારણે આપનો વારસો (માલ) (વારસદારોને) વિતરણ નથી કરવામાં આવ્યો. અને આપની પત્નીઓની સાથે નિકાહ કરવાનું હરામ કરાર અપાયું છે. આ દલીલ એકદમ પોકળા (ખોટી) છે. કેમ કે, હઝરત ફાતિમા (રઝિ.) અને હઝરત અબ્બાસ (રઝિ.) વિ. એ આપના માલમાંથી વારસો (ભાગ) ની માંગણી તે સમયના ખલીફા હઝરત અબુબક્ર સિદ્દિક (રઝિ.) પાસે કરી હતી. જો તેઓને ખબર હોત કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) નો મૃત્યુ જ નથી થયું તો વારસા ભાગની માંગણી શા માટે કરી ? ટૂંકમાં આ બન્નેએ ભાગની માંગણી કરી, તેના જવાબમાં હઝરત અબુબકર (રઝિ.) એ કહ્યું કે, આપનો માલ વિતરણ નહીં થાય કેમ કે, તે સદકો છે. અને તેઓએ રસુલુલ્લાહ (સ.અ.વ.) ના આ ફરમાનનું વર્ણન કર્યું કે, મેં રસુલુલ્લાહ (સ.અ.વ.) ને કહેતા સાંભળ્યું છે કે, અમો અમ્બિયાઓના છોડેલા માલમાં વિરસો (ભાગ) પાડવામાં ન આવે. (કેમ કે) અમારો માલ સદકો હોય છે. (જામેઉલ બુખારી ૨/૫૯૯ બુખારીમાં જુદી જુદી જગ્યાએ હઝરત આઇશાહ વિગેરેથી પણ રિવાયતો થયેલી છે.)

આપની પાક બીવીઓ સાથે નિકાહ એટલા માટે હરામ કરાર અપાયેલ છે કે, તેઓ (ઉમ્મહાતુલ મુઅમિનીન) મોમીનોની માનો દરજજો ધરાવે છે. અને એટલે જ તેઓને ઇદ્દતના દિવસો ગુજારવાની જરૂરત નથી. આ તો ઘણી જ સાબિત થયેલી નક્કર વાત છે. જેનાથી કોઇને પણ ઇન્કાર નથી.

## રસુલુલ્લાહ (સ.અ.વ.) નું આલિમુલ ગૈબ હોવું

રસુલુલ્લાહ (સ.અ.વ.) ના આલિમુલગૈબ હોવાનો અકીદો પણ તદ્દન ગૈર ઈસ્લામી અને ખુલ્લો શિર્ક છે. પરંતુ અફસોસ છે કે, ઉપરોકત વર્ગ સીરતે નબવીના નામ હેઠળ આ ગૈર ઈસ્લામી વિચારને પણ જોરશોરથી ફેલાવે છે. આ સંબંધમાં પહેલા કુર્આન હદીષની રોશનીમાં એક સત્ય ઈસ્લામી વિચારની ચર્ચા કરીશું ત્યારબાદ ઉપરોકત વર્ગના મકતબોમાંથી બહાર પડતી કિતાબોના પેરેગ્રાફ રજૂ કરશું જેથી સરળતાથી તેઓની ગેરઈસ્લામી વિચારણા દિવસના અજવાળાની જેમ જાહેર થઇ જાય.

## કુર્આનની આયતો અને ફરમાને રસુલ (હદીષ)

આ શિર્ષકના સંબંધમાં કુર્આનની ઘણી આયતો છે. અહીં કેટલીક આયતો રજૂ કરીએ છીએ.

(૧) આપ કહી દો કોઇ માણસ ઝમીન આસમાનનો ગુપ્ત ભેદ અલ્લાહ સિવાય જાણતો નથી. (સુરએ નહલ, ૧૧૫)

(૨) બેશક અલ્લાહતઆલા જ ઝમીન અને આસમાનોની ગુપ્ત, છૂપી વસ્તુઓનો જાણનાર છે. અને બેશક તે સીના (છાતી) ની ગુપ્ત વાતોને પણ જાણનાર છે. (સુરએ ફાતિર, ૩૮)

(૩) બેશક ગૈબનો ઈલ્મ અલ્લાહની પાસે જ છે. જેથી તમે પ્રતિક્ષા (ઈન્તેઝાર) કરો, હું પણ તમારી જેમ ઈન્તિઝાર કરનારાઓમાંથી છું. (સુરએ યુનુસ, ૨૦)

(૪) બેશક અલ્લાહની પાસે જ કયામતનો ઈલ્મ છે. તે જ વરસાદ વરસાવે છે. તે જ જાણે છે કે માતાના પેટમાં શું છે ? કોઈને પણ એ ખબર નથી કે, કાલે શું કમાઈ કરશે અને કોઈને પણ એની જાણ નથી કે તેનું મૃત્યુ કઇ જમીનમાં થશે. બેશક ! અલ્લાહ જાણનાર અને ખબર રાખનાર છે. (સુરએ લુકમાન ૩૪)

આ ઉપરોકત આયતમાં સાફ જણાઈ આવે છે કે, ગૈબનો ઈલ્મ ફકત અલ્લાહતઆલા ધરાવે છે. ત્યારબાદ ઈલ્મેગૈબ ઝાતી અથવા અતાઈની વાર્તા

ઘડવાની જરૂરત રહેતી નથી. અને આખરી આયતમાં ગૈબની (ગુપ્ત) પાંચ વાતોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના વિશે બુખારી, મુસનદ અહમદ, મુસ્લિમ અને અન્ય હદીષની કિતાબોમાં ઘણી રિવાયતો આવેલી છે કે જેમાં નબી (સ.અ.વ.) કહે છે કે, હું એ પાંચ વસ્તુઓથી વાકેફ નથી. તેમજ ગૈબના ઈલ્મથી આપ સીધેસીધા માહિતગાર ન હતા. જેની ઘણી હદીષોથી જાણ થાય છે. આપ ગૈબની એ વાતોને જ જાણતા હતા જે અલ્લાહતઆલા વહી (ઈલાહી સંદેશ) દ્વારા બતાવી દેતો હતો.

બુખારી મુસ્લિમની મશહૂર હદીષ છે કે, એકવાર જીબ્રઈલ (અ.સ.) અજાણ્યા ઈન્સાની સ્વરૂપમાં આવ્યા. સહાબાઓ પણ ત્યારે હાજર હતા. તેઓએ આપ (સ.અ.વ.) ને જુદા જુદા સવાલ પૂછ્યા કે, ઈસ્લામ શું છે ? ઈમાન શું છે ? એહસાન કોને કહેવાય ? આપ (સ.અ.વ.) એ જવાબો આપ્યા. ફરી જીબ્રઈલ (અ.સ.) એ પૂછ્યુ કે, **''અખ્બિર્નીઅનિસ્સાઅહ''** અર્થાત્ આપ નબી મને કયામત વિશે બતાવો. તેના જવાબમાં આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું **''મલ્મસઉલુઅન્હા બિ અઅલમ મિનસ્સાઈલ.''** અર્થાત્ મને તમારા કરતાં વધારે જાણકારી નથી. ત્યારબાદ કયામતની નિશાનીઓ વિશે પૂછપરછ કરી તો આપ (સ.અ.વ.) એ ઘણી કયામતની અલામતોનો વર્ણન કર્યો. સહીહ મુસ્લિમ શરીફની રિવાયતમાં છે કે, આપ (સ.અ.વ.) એ કયામતના ઈલ્મ વિશે આ શબ્દો કહ્યા, (ફીખમ્સ લાયઅલમહુન્ન ઈલ્લલ્લાહ સુમ્મકરઅ, ઈન્નલ્લાહ્ ઈન્દહૂ ઈલ્મુસ્સાઅહ વયુન્ઝઝિલુલગૈસ અલઆયહ) (મિશ્કાતુલમસાબીહ કિતાબુલઈમાન) અર્થાત્ : કયામતનો ઈલ્મ તે પાંચ વસ્તુઓમાં શામેલ છે, જેને ફકત અલ્લાહતઆલા જ જાણે છે, પછી આપ (સ.અ.વ.) એ આ આયત તિલાવત ફરમાવી કે, અલ્લાહતઆલાની પાસે જ કયામતનો ઈલ્મ છે, તે જ વરસાદ વરસાવે છે, વિ.વિ.

હઝરત આઈશહ (રઝિ.) થી રિવાયત થયેલી એક લાંબી હદીષ છે, તેઓએ કહ્યું કે, જે માણસ ત્રણ વાતો રસુલુલ્લાહ (સ.અ.વ.) વિશે કહે તે માણસે અલ્લાહતઆલા ઉપર બોહતાન (આરોપ) બાંધ્યો, પહેલી વાત એ કે, કોઈ એવું કહે કે, મેરાજ વખતે રસુલ (સ.અ.વ.) એ અલ્લાહતઆલને જોયું છે, બીજી વાત એ કહે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) એ દીનની કોઈ વાત છૂપાવી

લીધી, અને ત્રીજી વાત એ કે, જે એવો દાવો કરે કે રસુલુલ્લાહ (સ.અ.વ.) આવતીકાલની તમામ વાતોની ખબરો આપે છે, તો તેણે અલ્લાહતઆલાની ઉપર મોટો બોહતાન (જૂઠાણું, આરોપ) બાંધ્યો. એટલા માટે કે, અલ્લાહતઆલા ફરમાવે છે કે, આસમાન અને ઝમીનની ગુપ્ત (છૂપાયેલી) વાતો ફકત અલ્લાહતઆલા જ જાણે છે. (સહીહ મુસ્લિમ ૧/૯૭)

## ખોટા અકીદાઓ

કુર્આન અને હદીષની સૌથી ખુલ્લી અને જાહેર તાલીમ વિરૂદ્ધ ઉપરોકત વર્ગના અકીદાઓ વાચકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે. તે વર્ગના લોકોનો અકીદો એ છે કે, અમ્બિયા (અ.સ.) શરૂઆતથી લઇ આખર (કયામત) સુધીની તમામ માકાન (જે થઇ ચૂકયું છે) અને વમાયકૂન (જે ભવિષ્યમાં થશે) ને જાણે છે એટલું જ નહીં પરંતુ આંખથી જોઇ પણ શકે છે અને ધ્યાન રાખે છે. (અદદૌલતુલમક્કિયહ બિલમાદતિલ-ગૈબિયહ પાના પ૭)

રસુલુલ્લાહ (સ.અ.વ.) વિશે જનાબ અહમદ રઝા સાહેબ લખે છે કે, નબી (સ.અ.વ.) ને તમામ તત્વોનો સંપૂર્ણ ઇલ્મ હાસિલ થઇ ગયો છે. અને સમગ્ર વસ્તુ મામલાઓ તેમના વર્તુળમાં રાખે છે.

(અદદોલતુલમક્કિયહ બિલમાદતિલગૈબિયહ પાના ૨૩૦)

એક જગ્યાએ લખે છે કે, લોહ અને કલમ (લૌહે મહફુઝ) નો ઇલ્મ જેમાં તમામ માકાન અને વમાયકુન છે. તે હુઝુર (સ.અ.વ.) ના ઇલ્મનો એક ટૂકડો (ભાગ) છે. (ખાલિસુલ્એતિકાદ પેજ નં. ૩૮)

એકબીજા આલિમ અહમદ સઇદ કાઝમી તેમની કિતાબમાં લખે છે કે, હુઝુર (સ.અ.વ.) અલ્લાહને જાણે છે. અને તમામ મૌજુદાત (જગતમાં ઉપસ્થિત વસ્તુઓ) મખ્લુકાત (સૃષ્ટિ) અને તેમના તમામ હાલ અહેવાલ (પરિસ્થિતિઓ) ને તેની તમામ વિશિષ્ટતાઓ સાથેની જાણકારી છે. વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળની તમામ વસ્તુઓ/મામલાઓ ગમે તે પરિસ્થિતિમાં હોય, તે હુઝુર (સ.અ.વ.) થી ગુપ્ત (છૂપાયેલા) નથી.

લીધી, અને ત્રીજી વાત એ કે, જે એવો દાવો કરે કે રસુલુલ્લાહ (સ.અ.વ.) આવતીકાલની તમામ વાતોની ખબરો આપે છે, તો તેણે અલ્લાહતઆલાની ઉપર મોટો બોહતાન (જૂઠાણું, આરોપ) બાંધ્યો. એટલા માટે કે, અલ્લાહતઆલા ફરમાવે છે કે, આસમાન અને ઝમીનની ગુપ્ત (છૂપાયેલી) વાતો ફકત અલ્લાહતઆલા જ જાણે છે. (સહીહ મુસ્લિમ ૧/૯૭)

## ખોટા અકીદાઓ

કુર્આન અને હદીષની સૌથી ખુલ્લી અને જાહેર તાલીમ વિરૂદ્ધ ઉપરોકત વર્ગના અકીદાઓ વાચકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે. તે વર્ગના લોકોનો અકીદો એ છે કે, અમ્બિયા (અ.સ.) શરૂઆતથી લઇ આખર (કયામત) સુધીની તમામ માકાન (જે થઇ ચૂકયું છે) અને વમાયકૂન (જે ભવિષ્યમાં થશે) ને જાણે છે એટલું જ નહીં પરંતુ આંખથી જોઇ પણ શકે છે અને ધ્યાન રાખે છે. (અદદૌલતુલમક્કિયહ બિલમાદતિલ-ગૈબિયહ પાના ૫૭)

રસુલુલ્લાહ (સ.અ.વ.) વિશે જનાબ અહમદ રઝા સાહેબ લખે છે કે, નબી (સ.અ.વ.) ને તમામ તત્વોનો સંપૂર્ણ ઇલ્મ હાસિલ થઇ ગયો છે. અને સમગ્ર વસ્તુ મામલાઓ તેમના વર્તુળમાં રાખે છે.
(અદદોલતુલમક્કિયહ બિલમાદતિલગૈબિયહ પાના ૨૩૦)

એક જગ્યાએ લખે છે કે, લોહ અને કલમ (લૌહે મહફુઝ) નો ઇલ્મ જેમાં તમામ માકાન અને વમાયકુન છે. તે હુઝુર (સ.અ.વ.) ના ઇલ્મનો એક ટૂકડો (ભાગ) છે. (ખાલિસુલ્એતિકાદ પેજ નં. ૩૮)

એકબીજા આલિમ અહમદ સઇદ કાઝમી તેમની કિતાબમાં લખે છે કે, હુઝુર (સ.અ.વ.) અલ્લાહને જાણે છે. અને તમામ મૌજુદાત (જગતમાં ઉપસ્થિત વસ્તુઓ) મખ્લુકાત (સૃષ્ટિ) અને તેમના તમામ હાલ અહેવાલ (પરિસ્થિતિઓ) ને તેની તમામ વિશિષ્ટતાઓ સાથેની જાણકારી છે. વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળની તમામ વસ્તુઓ/મામલાઓ ગમે તે પરિસ્થિતિમાં હોય, તે હુઝુર (સ.અ.વ.) થી ગુપ્ત (છૂપાયેલા) નથી.

(તસ્કીનુલખાતિરફિમસ્અલા અલ્હાફિઝરવન્નાઝિર)

કુર્આન મજીદ અને હદીષ શરીફનો સરેજાહેર વિરોધ દર્શાવનારો તેમનો અકીદો એ પણ છે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) ને તે પાંચ વસ્તુઓનો ઈલ્મ હાસીલ થયો હતો કે, જેને મુગીબાતે ખમ્સહ=પાંચ ગૈબ (ગુપ્ત) ની વાતો કહેવામાં આવે છે. આ સંબંધે તેમની નવલકથાઓ જેવી વાતો વાચકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.

જનાબ અહમદ રઝા બરેલ્વી સાહેબ લખે છે કે, નબી (સ.અ.વ.) ત્યાં સુધી દુનિયામાંથી તશરીફ ન લઈ ગયા જયાં સુધી કે અલ્લાહતઆલાએ તેમને પાંચ ગુપ્ત વાતોનો ઈલ્મ દઈ દીધો.

(ખાલિસુલ્એતિકાદ અઝ અહમદ રઝા બરેલ્વી પેજ નં. ૫૩)

આગળ જતાં એજ કિતાબમાં લખે છે કે, હુઝુર (સ.અ.વ.) ને પાંચ ગૈબ (ગુપ્ત વાતો) નો ઈલ્મ હતો પણ આપને તે બધું છુપું રાખવાનું (જાહેર ન કરવાનું) હુકમ આપવામાં આવેલ હતો.

(ખાલિસુલએતિકાદ અને અદદૌલતુલ મક્કિયહ પાના નં. ૧૪૨)

એક અન્ય આલિમ અહમદયાર ગુજરાતી તેમની કિતાબમાં લખે છે કે, હુઝુર (સ.અ.વ.) ને તમામ ગઈ ગુજરી ઘટનાઓ અને ભવિષ્યમાં ઘટનારી ઘટનાઓ વિશે ઈલ્મ થઈ ગયું હતું. જે લોહેમહફુઝમાં આલેખાયેલ છે. આ બાબત તેના કરતાં પણ વધુ આપને ઈલ્મ હાસલ થયું હતું. આપને એની પણ ખબર છે કે, કયામત કયારે આવશે.

આ લોકોએ ઈલ્મેગૈબ અને પાંચ વાતોનો ઈલ્મ ફકત રસુલુલ્લાહ (સ.અ.વ.) અને અમ્બિયા (અ.સ.) ના ઈલ્મ સુધી સીમિત નથી રાખ્યું, પરંતુ બીજા ઔલિયાઓ અને સાલેહ નેકબંદાઓ વિશે પણ તેઓ એવી જ પોકળ માન્યતાઓ ધરાવે છે. કુર્આન અને સુન્નતે રસુલ (હદીષ) અને સમજબુદ્ધિથી પણ વિપરીત આવી માન્યતાઓથી આ સંપ્રદાયની કિતાબો ભરી પડી છે. (ખુલાસાવાર જાણવા માટે અલ્લામહ એહસાન ઈલાહી ઝહીર (રહ.) ની કિતાબ ‘‘અલબરેલ્વિયહ’’ ઉર્દુ એડીશનની બેહેસ (ચર્ચા) સિમાએ મૌતા વાંચો).

## સીરતની ઘટનાઓ

કિતાબ અને સુન્નતના ખુલાસાઓ અમ્બિયા/રસુલોના જીવનના તમામ પ્રસંગો ઘટનાઓ પણ એ હકીકતની રોશન દલીલો છે કે તેઓને ઈલ્મેગૈબ ન હતો. અને ખુદ સીરતે નબવીના બનાવો પણ એ જ સાબિત કરે છે. દા.ત. ૭૦ સહાબીઓની શહાદત, બૈઅતિ રિઝવાન (સુલહ હુદૈબીયહ), ખજૂરની પેવંદકારી (કલમકારી) ની ઘટના, અને ઉરૈનીન્‌ની ઘટના હઝરત આઈશહ (રઝિ.) ઉપર લગાડવામાં આવેલ તહોમત. આ તમામ ઘટનાઓ તથા તેના અંશો ઉપર થોડો પણ વિચાર કરવામાં આવે તો એ હકીકત સામે આવી જશે કે, ગૈબનો ઈલ્મ ફકત અને ફકત અલ્લાહતઆલાને જ છે. અને અલ્લાહની આ વિશિષ્ટતામાં કોઈ રસુલ, નબી અને વલીનું જોડાણ અથવા સમાવેશ નથી.

પરંતુ આ સંપ્રદાય ભારપૂર્વક સીરતે નબ્વીના નામે ગૈરઈસ્લામી વિચારનો પ્રચાર કરી રહ્યો છે અને જે કોઈ તેમના અકીદાઓ અને બીજા તેમના અતિરેક ભરેલા વિચારોને વિરોધ કરે, તેને તેઓ ગુસ્તાખે રસુલ કહે છે.

**‘‘ખિરદકા નામ જૂનું રખ દિયા, જૂનું કા ખિરદ, જો ચાહે આપકા હુસ્ન કરિશ્મા સાઝ કરે.’’**

## મૈદાને કયામતની ઘટના

હવે અહીં મૈદાને કયામતમાં બનનારા એક બનાવ ઉપર નઝર નાખીએ, જેમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) દુનિયાની ઘટનાઓ અને બનાવોથી નાવાકેફ છે તેની જાણ થાય છે.

હઝરત અબુહુરૈરહ (રઝિ.) બયાન કરે છે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, મારી ઉમ્મત કયામતના દિવસે મારી પાસે આવશે ત્યારે હું બીજા લોકોને મારા હોઝે કૌસર પાસેથી હટાવી ધકેલીશ. એવી રીતે કે જેવી રીતે કોઈ માણસ બીજાના ઉંટોને ભગાવી દે છે. લાંબી હદીષ છે જેમાં આપ (સ.અ.વ.) આખરમાં ફરમાવે છે કે, એક ટૂકડીને મારા હોઝે કૌસર પાસે આવવાથી રોકવામાં આવશે તો હું અલ્લાહને અરજ કરીશ, હે રબ ! આ તો મારા માનનારા લોકો છે તો એક ફરિશ્તો કહેશે આપને શું ખબર કે, આ લોકોએ આપની ગેરહાજરીમાં શું કર્યું? (સહીહ મુસ્લિમ શરહ નવવી ભાગ-૧)

બીજી રિવાયતમાં છે કે, જયારે આપને ખબર પડશે કે, મારી ગેરહાજરીમાં આ લોકોએ દીનમાં ફેરફાર કરી દીધેલ હતું તો હું તેમને ધુત્કારીને કહીશ કે, સુહકન/સુહકન અલ્લાહ તમને દૂર રાખે. અલ્લાહ તમને દૂર રાખે.

આ લોકો કોણ હશે જેને આપ (સ.અ.વ.) પોતાના હોઝે કૌસરથી હટાવી ધકેલશે. અલ્લાહમહ નવવી (રહ.) તેમાં ત્રણ પ્રકારના લોકો ગણાવેલ છે. (૧) મુનાફિક લોકો (૨) તે લોકો જે આપની વફાત પછી પલટી ગયા હતા. (૩) બિદઅત કરનારાઓ જેમણે બિદઅતથી તૌબહ નથી કરી.

આ પ્રસંગથી માલૂમ પડયું કે મેદાને કયામત જયાં આપ (સ.અ.વ.) ઉમ્મતના તરસ્યા લોકોને કૌસરના જામ આપતા હશે ત્યારે ઘણા એવા લોકોને પણ આપ કૌસરનો પાણી પીવડાવવા ઈચ્છશે કે, જે તેના હકદાર નથી. આખરે જયારે આપને માલૂમ પડશે તો ખુદ આપ (સ.અ.વ.) તેમને ધુત્કારશે.

ભાઈઓ ! જરા બુદ્ધિ, સમજદારીને કામમાં લગાવી વિચાર કરો શું દુનિયાથી લઈ આખિરત (પરલોક) સુધી આપના આલિમુલ ગૈબ હોવાની કોઈ ગુંજાઈશ અવકાશ છે ?

## રસુલુલ્લાહ (સ.અ.વ.) નું હાઝિર નાઝિર હોવું

**(પ્રત્યકે જગ્યાએ હાજર અને પ્રત્યેક વસ્તુ ઉપર નજર)**

રસુલુલ્લાહ (સ.અ.વ.) દરેક જગ્યાએ હાઝિર નાઝિર હોવાની માન્યતા પણ કુર્આન અને સુન્નત તેમજ સમજ બુદ્ધિના વિરૂદ્ધ છે. પરંતુ ઉપરોકત વર્ગ આ ગૈર ઈસ્લામી અકીદાને સીરતે નબવીના નામથી ફેલાવે છે. આ સંબંધમાં તે વર્ગની કિતાબોના અમુક પેરેગ્રાફ રજૂ કરવામાં આવે છે.

જનાબ અહમદ સઈદ કાઝમી લખે છે કે, કોઈ સ્થાન (કોઈ જગ્યા) અને કોઈ સમય હુઝુર (સ.અ.વ.) ની હાજરી થી ખાલી નથી.
(તસકીનુલ ખવાતિરફી મસ્લા અલ્હાઝિવન્નાઝિર પેજ નં. ૮૫)

આગળ લખે છે કે, સૈયદે આલમ (સ.અ.વ.) ની પવિત્ર શકિત અને નુબુવ્વતના નૂરથી એ વાત છૂપી નથી કે, એક પલમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, ઉપર અને નીચે સર્વદિશાઓ દૂરદૂર સુધીમાં સરકાર પોતાના વજૂદ અથવા પોતાના સ્વરૂપમાં (સાક્ષાત) હાજર થઈ આપની નજદીકી મેળવનારા લોકોને

પોતાના જમાલ (રૂપ) ની ઝિયારત અને નિગાહે કરમની રહમત અને બરકતથી નવાજે છે. (તસ્કીનુલ્ખવાતિર ૮૧)

એ જ વિચાર ધરાવતા બીજા આલિમ અહમદયાર ગુજરાતી લખે છે કે, હુઝુર (સ.અ.વ.) ને દુનિયામાં સહેલ કરવાનું (હરવા ફરવાનું) પોતાના સહાબાઓની રૂહો સાથે હક હાસલ થયેલ છે. અને આપને ઘણા વલીઓએ જોયા છે. (જાઅલ હક પાં. નં. ૫૪)

એ જ લેખક આગળ લખે છે કે, પોતાની ઉમ્મતના અમલ (કર્મ) ઉપર નજર રાખવી, તેમના માટે ગુનહોની માફી માટે ઈસ્તિગફાર કરવું, તેમને આફત બલાઓથી છૂટી જવા દુઆ કરવી, અને ઝમીનમાં આજુ બાજુ અવર જવર કરવી, બરકતો આપવી, પોતાની ઉમ્મતનો નેક માણસ મરી જાય તો તેના જનાઝામાં હાજર થવું, એ હુઝુર (અ.સ.વ.) ની પ્રવૃત્તિઓ છે. (જાઅલ હક)

જનાબ અહમદ રઝા સાહેબ બરેલ્વી લખે છે કે, નબી (સ.અ.વ.) ની રૂહ મુબારક સમગ્ર વિશ્વમાં દરેક મુસલમાનના ઘરમાં હાજર હોય છે.
(ખાલિસુલ એતિકાદ-૪૦)

આગળ તેઓ લખે છે કે, હુઝુર (અ.સ.વ.) ની પવિત્ર નજર હર સમયે દુનિયાના અંશ-અંશ પર હોય છે અને નમાઝ તિલાવતે કુર્આન, મેહફિલ મીલાદ શરીફ અને નઅત ખ્વાનીની મજલિસમાં એવી જ રીતે નેક લોકોની નમાઝે જનાઝામાં ખાસ કરીને પોતાના શરીર મુબારક સાથે પધારે છે.
(ખાલિસુલ એતિકાદ)

જનાબ અહમદયાર ગુજરાતીની કિતાબમાં છે કે, હુઝુર (સ.અ.વ.) એ આદમ (અ.સ.) નું પૈદા થવું, તેમની તાઝીમ (સન્માન) થવી અને ભૂલ થવાથી તેમનું જન્નતમાંથી છૂટો પડવું, અને પછી તેમની તૌબહ કબૂલ થવી, આખર સુધી તેમના ઉપર જે જે મામલાઓ વિત્યા બધું જોયેલ છે. અને ઇબ્લીસનો જન્મ અને જે કંઇ તેની ઉપર વિત્યું તેને પણ જોયેલ છે અને જયારે રૂહે મોહંમદીનો ધ્યાન હઝરત ઉપરથી હટી ગયું ત્યારે તેમનાથી ભૂલો થઇ અને પરિણામો જાહેર થયા.
(જાઅલ હક ૧૫૫)

દરેક જગ્યાએ દરવખતે હાજર રહેવાનો અકીદો ફકત રસુલુલ્લાહ વિશે જ નથી પરંતુ એ વર્ગ એવો જ અકીદો ઔલીયાએકિરામ અને ઉમ્મતના બુઝુર્ગ લોકોના વિશે પણ રાખે છે. (જુઓ અલ્લામહ એહસાન ઇલાહી ઝહીર (રહ.) ની કિતાબ અલબરેલ્વિયહમાં હાઝીર-નાઝિરની ચર્ચા)

તેમના અકીદાઓ એટલા બુરા અને પોકળ છે કે તેનો રદીયો લખવાની પણ જરૂર નથી તેમ છતાં નીચેની આયતોની તે અકીદાઓ સાથે તુલના કરશો તો તેમની કમ અકલી દિવસના અજવાળાની માફક દેખાઇ આવશે.

(૧) અને તૂરની પશ્ચિમ તરફ જયારે અમોએ મુસા (અ.સ.) ને હુકમો વહી (સંદેશાઓ) દ્વારા પહોંચાડયા (ત્યારે) તું ત્યાં હાજર ન હતો. અને ન તો તું (પ્રેક્ષકો) હાજર જનોમાં હતો. (સુરએ કસસ ૪૪)

(૨) અને ન તું મદયનંવાસીઓમાં હતો જેથી તેમની સામે અમારી આયતો પઢીને સંભળાવે. (સુરએ કસસ ૪૫)

(૩) અને તમે એ લોકોમાં (પાસે) ન હતા, જયારે તેઓ (લોકો) તેમના કલમ નાખી રહ્યા હતા કે તેમનામાંથી કોણ મરીયમનો ભરણ પોષણ કરે. અને ન તમે તેમની પાસે (એ સમયે) હતા જયારે તેઓ ઝઘડી રહ્યા હતા. (આલ ઇમ્રાન ૪૪)

કુર્આન મજીદમાં એવી ઘણી આયતો છે જેમાં પહેલાના અમ્બિયાઓના પ્રસંગો વર્ણવામાં આવેલ છે. અને વર્ણન દરમિયાન આપ (સ.અ.વ.) ને કહેવામાં આવેલ કે, આપ તે વખતે ત્યાં ન હતા.

એવી જ રીતે કુર્આન મજીદમાં મેઅરાજ, હિજરત, બદરની લડાઇ, ઓહદની લડાઇ, બૈઅતે રિઝવાન વિ.વિ. પ્રસંગોનું વર્ણન છે. જેમાં એ ખુલાસાઓ કરવામાં આવેલ છે કે, કોઇ જગ્યાએ આપ (સ.અ.વ.) હાજર હતા અને કોઇ જગ્યાએ નથી. (કેમ કે, આ પ્રસંગો આપના જીવનકાળમાં બનેલ હતા.)

કુર્આનના આ ખુલાસાઓની સાથે સાથે સીરતની તમામ ઘટનાઓ પણ આ હાઝિર-નાઝિરના અકીદાઓનું ખંડન કરે છે. જેમ કે, જયારે હુઝુર (સ.અ.વ.) હુજરા મુબારકમાં (પોતાના રૂમમાં) રહેતા તો અહીં મસ્જીદમાં સહાબાઓ આપનો ઇન્તેજાર કરતાં જો રસુલુલ્લાહ દરેક જગ્યાએ હાઝિર-નાઝિર હોય તો મસ્જિદમાં સહાબાઓનું ઇન્તેજારનો કોઇ અર્થ નથી. રસુલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાની પત્નીઓથી હળવા મળવા માટે વારાઓ રાખેલ હતા. એક પત્ની પાસે આપ (સ.અ.વ.) હોય તો બીજી પત્નીઓ પાસે આપ રહેતા ન હતા. જો આપ હાજીર-નાઝિર હોત તો વારાઓ રાખવાનું શું મતલબ ? અને એવી જ રીતે જયારે આપ મદીનામાં રહેતા તો મક્કાહ કે હુનૈનમાં આપનો વજૂદ (હાજરી) રહેતો ન હતો અને તબુકમાં હતા ત્યારે મદીનામાં ન હતા. અને જયારે અર્ફાતમાં હતા ત્યારે

મક્કાહ અથવા મદીનહમાં આપની હાજરી ન હતી.

હકીકતમાં આ વર્ગની વિચારણા બુદ્ધમત, હિન્દુમતના અસરનો પરિણામ છે. તેથી જ અહમદ રઝા બરેલ્વી રસુલુલ્લાહ (સ.અ.વ.) નો દરેક જગ્યાએ હાઝિર-નાઝિર રહેવાનો વર્ણન કર્યા બાદ દીનના બુઝુર્ગ અને ઔલિયાએ કિરામ પણ દરેક જગ્યાએ હાઝિર-નાઝિર રહેવાની દલીલમાં ક્રિષ્ન કનૈયાજીની વાર્તાથી તુલના કરે છે. તેઓ લખે છે કે, ક્રિષ્ના કનૈયા જો એક જ સમયે સેંકડો જગ્યાએ સાક્ષાત સ્વરૂપમાં પ્રગટ થઇ શકે તો ફતેહ મોહંમદ (એક બુઝુર્ગનું નામ) જો અમુક જગ્યાએ એક જ સમયમાં હાજર થઇ જાય તો નવાઇ લાગે ! શું ગુમાન કરો છો ? (શું વિચારો છો ?) કે શેખ એક જગ્યાએ હતા અને બાકી જગ્યાએ માત્ર તેમની છબીઓ હતી ? (આગળ પોતે જ જવાબ આપતાં કહે છે કે શેખ સ્વયં ખુદ દરેક જગ્યાએ હાજર હતા.)

છૂપા ભેદોને જાહેર સમજથી શું મતલબ ? એવો ખ્યાલ અને વિચારવું નકામું છે. (ફતાવા રઝવિયહ ૬/૧૪૨ તેમજ મલફૂઝાતે અહમદ રઝા ૧૪૪)

દાવાની દલીલમાં કુર્આનની કોઇ આયત અથવા હદીષ કંઇ પણ નહીં. દલીલ એ છે કે ક્રિષ્ન કનૈયાજી અગર એક જ વખતમાં સેંકડો જગ્યાએ હાજર રહી શકે તો શું અમ્બિયા ઔલિયા અમુક જગ્યાએ હાજર નથી રહી શકતા ?

કાશ ! જો અહમદ રઝાએ એ વિશે તપાસ કરી લીધી હોત કે હિન્દુ ધર્મ તો ઇસ્લામ ધર્મથી તદ્દન વિપરીત સિદ્ધાંતો ઉપર રચાયેલું છે. તેની સાથે ઇસ્લામનો શું સંબંધ ? પણ અફસોસ ! સીરતે નબવી અને દીને ઇસ્લામને એક અફસાના (કલ્પિત કહાની) બનાવીને રાખી દીધુ છે.

## રસુલનો બશર (ઇન્સાન) ન હોવું નૂરી (મખ્લૂક) હોવું

રસુલુલ્લાહ (સ.અ.વ.) નો ઇન્સાન ન હોવું, પણ નૂરથી પૈદા થયેલ મખ્લૂક હોવું આ અકીદો પણ તદ્દન ઇસ્લામ વિરૂદ્ધ તેમજ સમજબુદ્ધિ વિરૂધ છે. પણ આ વર્ગના લોકો આ ગુમરાહ અકીદાને પણ સીરતે નબવીના નામથી અપનાવેલ છે. જેમ કે, તેમનો અકીદો છે કે, નબી (સ.અ.વ.) અલ્લાહતઆલાના નૂરનો એક ભાગ છે. તે લોકો આપ (સ.અ.વ.) ને ઇન્સાનીયતના વર્તુળમાંથી કાઢીને નૂરી મખ્લૂકમાં દાખલ કરે છે.

જનાબ અહમદ રઝાસાહેબે રસુલ (સ.અ.વ.) ને માનવી તરીકે નકારવા

માટે ઘણા જ રિસાલાઓ મેગેઝીન લખેલ છે. તેમના બે રિસાલાઓ જેના નામ છે. (૧) સલાતુસ્સફાફીનુરિલ મુસ્તફા (૨) નફીયુલુફઅમ્મન અનારબિનુરિહીકુલ્લશૈઈન.

આ બન્ને રિસાલાઓની શરૂઆતનાં ખૂતબામાં જ તેઓએ આ પોકળ અકીદાને જાહેર કરેલ છે. અહીં બીજી કિતાબનો ખુત્બો રજૂ કરવામાં આવે છે.

તમામ ગુણગાન (તારીફ) તે જાત માટે છે. જેણે તમામ વસ્તુઓ પૈદા કરતા પહેલા અમારા નબીને નુરથી પૈદા ફરમાવ્યો. ત્યારબાદ આપના નૂરમાંથી નીકળતા કિરણો દ્વારા નૂરનો કેન્દ્રસ્થાન પૈદા કર્યું. (એવી રીતે) આપ (સ.અ.વ.) નૂરોના નૂર છે. તમામ ચાંદ સૂરજને રોશની આપના થકી મળે છે. એટલા માટે જ રબ્બે કરીમે આપનો નામ સિરાજે મુનીર રાખ્યું. જો આપ (સ.અ.વ.) ન હોય તો સૂર્ય રોશન ન થાત. દિવસ/રાત વચ્ચેનો ફરક ખબર ન પડત. અને ન તો નમાઝના સમયની ખબર થઇ શકત. (નફીયુલ્લફયઅમ્મન અનારબિનુરિહીકુલ્લશૈઈન મજમુઆ રિસાલા પેજ નં. ૧૯૯)

હવે અહમદ રઝા બરેલ્વીની ઉપર જણાવેલ પહેલી કિતાબનો લખાણ જોઇએ.

ફરિશ્તાઓ આપના જ નૂરથી પૈદા થયેલ છે. કેમ કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે, દરેક વસ્તુ મારા નૂરથી જ પૈદા કરવામાં આવેલ છે. (સલાતુસ્સફાફીનુરે મુસ્તફા મજમુઅહ રિસાલાઓ)

આ છે તેમના અકીદાઓ. જે હકીકતમાં તમામ અજ્ઞાનતાઓનું મિશ્રણની સાથે સાથે તેમના અકીદાઓ/માન્યતાઓ બીજા ધર્મો જેવા કે, યહૂદી, અને શિયાઓ તથા બાતિન (આત્મિય) મઝહબોના અસરગ્રસ્ત અને યુનાની ફિલોસોફીના અસરતળે સમાયેલા છે. તેઓએ એવી એવી સુફીયાણી બકવાસ ભરેલ છે કે, બસ અલ્લાહની પનાહ !

આ સંબંધમાં અહમદ રઝા બરેલ્વી સાહેબનો લખાણ જોઇએ.

તેઓ લખે છે કે, નિર્માણ દરજ્જામાં ફકત એક મુસ્તુફાની જાત જ છે બાકીના બધા તેના પ્રતિબિંબનો પ્રતાપ છે. નિર્માણ પામેલ સકલ જગતમાં અહમદનો નુર આફતાબ છે. અને તમામ સૃષ્ટિ તેનો આઇનો (અરીસો) (સલાતુસ્સફા ફીનુરે મુસ્તુફા પા.નં. ૩૭)

## આ સંબંધમાં કુર્આનની આયતો

રસુલુલ્લાહનું બશર ઈન્સાન ન હોવું અને નુરી મખ્લૂક હોવું કુર્આન અને હદીષ તેમજ સીરતની કિતાબો વિરૂદ્ધ છે. જે બાબત કુર્આનની આયતો રજૂ કરવામાં આવે છે.

(૧) આપ કહી દો હું તો તમારી જેમ ઈન્સાન છું. મારા ઉપર વહી અવતરીત થાય છે કે, તમારો માબુદ (પૂજ્ય) એક અલ્લાહ જ માબુદ છે.
(સુરએ ફુસ્સિલત-૬)

(૨) આપ કહી દો પાક પવિત્ર છે અલ્લાહતઆલા હું ફકત એક ઈન્સાન અને રસુલ છું. (સુરએ બનુ ઈસ્રાઈલ-૯૩)

(૩) બેશક ! અલ્લાહતઆલાએ મુસલમાનો ઉપર મોટો એહસાન કર્યો કે, તેઓમાંથી (મનુષ્યોમાંથી) એક રસુલને મોકલ્યો.
(સુરએ આલ ઈમ્રાન-૧૬૪)

(૪) અને અમોએ તમારી પહેલાં પુરૂષોને જ પયગંબર બનાવી મોકલેલ છે. જેની ઉપર અમે વહી મોકલતા રહ્યા. તમે એહલે કિતાબ (યહુદીઓ, ઈસાઈઓ) થી પૂછી લો જો ન જાણતા હોવ ? (સુરએ બરાઅત-૧૨૮)

આ વિષયે કુર્આનની ઘણી જ આયતો છે, અહીં અમુક આયતો જ રજૂ કરાઈ છે.

## નબી (સ.અ.વ.) ની હદીષો

આ સંબંધમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) ના ફરમાન (હદીષો) અને સહાબાઓના કૌલ ઘણા છે. કેટલીક હદીષો અને કૌલ પ્રસ્તુત છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ (રઝિ.) બયાન કરે છે કે, એક વખત રસુલુલ્લાહ (સ.અ.વ.) નમાઝમાં કંઈક ભૂલી ગયા. આપનું ધ્યાન દોરતાં આપ (સ.અ.વ.) સજદએ સહુ (નમાઝમાં ભૂલી જતાં કરાતા સજદાઓ) કર્યા અને સલામ ફેરવી સહાબાઓને કહ્યું કે, અગર નમાઝમાં કોઈ તબદીલી થશે તો હું તમને જાણ કરી દઈશ, પણ હું પણ એક ઈન્સાન જ છું. જેવી રીતે તમે ભૂલી જાઓ છો તેમ હું પણ ભૂલી જાઉં છું. તો જયારે હું ભૂલી જાઉં ત્યારે મને યાદી

આપી દેજો. (સહીહ મુસ્લિમ ૧/૨૧૨ બાબ અસ્સહવુ ફિસ્સલાત)

બીજી એક રિવાયતમાં ખુલાસો એ છે કે, આપ (સ.અ.વ.) એ ઝોહરની ભુલથી પાંચ રકઅત અદા ફરમાવી. આપનું તે તરફ ધ્યાન દોરતા સજદએ સહુ કર્યા. અને સલામ ફેરવી સહાબાઓને મુખાતિબ થઇ ફરમાવ્યું, હું તમારી જેમ ઈન્સાન છું. ભૂલ થાય છે જેવી રીતે તમે ભૂલ કરો છો.
(સહીહ મુસ્લિમ પાના ૨૧૩)

હઝરત આઈશાહ (રઝિ.) જેઓ આપની ઝાત, સંસ્કાર, આપના તૌર તરીકા તેમજ આદતોથી સારી રીતે વાકેફ હતા. તેઓ આપના વિશે ફરમાવે છે કે, રસુલુલ્લાહ (સ.અ.વ.) માનવીઓમાંથી એક માનવી હતા. પોતાના કપડાઓમાંથી પોતે જ જીવાત (જૂ) કાઢતા અને બકરીઓનો દૂધ પોતાના હાથે જ કાઢતા અને પોતાનું કામ પોતે જ કરતા.
(શમાઈલુત્તિર્મિઝી પાના નં. ૨૫ બાબ માજાઅ ફીતવાઝુએ રસુલુલ્લાહિ સ.અ.વ.)

આ આયતો અને હદીષો વિરૂદ્ધ રસુલુલ્લાહ (સ.અ.વ.) ને (માનવી) ન માનવું, પણ નૂરી મખ્લૂક માનવું કેટલી અફસોસજનક અને હાસ્યાસ્પદ બાબત ગણાય. અગર રસુલુલ્લાહ (સ.અ.વ.) બશર (માનવી) ન હોઈ નૂરી હતા, અને સૂરજ ચાંદમાં પ્રકાશ આપના નૂર થકી પ્રકાશિત હતા તો આપના ઘરમાં મસ્જિદમાં અથવા જયાં આપની હાજરી હોય ત્યાં તો દિવા-બત્તી-ચિરાગની જરૂરત ન હોવી જોઇએ. (પણ ત્યાં તો) રસુલુલ્લાહના ઘરમાં ચિરાગ રહેતું. મસ્જિદમાં પણ ચિરાગ-દિવો રહેતું હતું અને જો સંજોગવશાત ચિરાગ ન હોય તો ઘરમાં અંધારૂં રહેતું. આ સંબંધમાં હઝરત આઈશા (રઝિ.) ની એક હદીષ છે કે,

હું રસુલુલ્લાહ (સ.અ.વ.) ની સામે સૂતી રહેતી અને મારા પગ રસુલુલ્લાહ (સ.અ.વ.) ની સામે રહેતા. જયારે આપ (સ.અ.વ.) સજદામાં જતા તો મારા પગને દબાવી દેતા તો હું મારા પગ સમેટી લેતી અને જયારે આપ (સ.અ.વ.) સજદો કરીને ઊભા થઈ જતા તો હું મારા પગ ફેલાવી લેતી. કેમ કે, તે દિવસોમાં ઘરોમાં દિવો-ચિરાગ રહેતું ન હતું. (સહીહ મુસ્લિમ ૧/૧૯૮)

## સીરતની ઘટનાઓ

રસુલુલ્લાહ (સ.અ.વ.) ની ઝિન્દગીની તમામ ઘટનાઓ, અકસ્માતો, જરૂરિયાતો પણ એ સાબિત કરે છે કે, આપ (સ.અ.વ.) મનુષ્ય શરીરની જેમ જ શરીર ધરાવતા હતા. નૂરી મખ્લૂક ન હતા. જેમ કે આપનો જન્મ એક મનુષ્યના ખાનદાનમાં થયો, આપના મા-બાપ પણ હતા, અને બીજા સગા-સંબંધીઓ પણ હતા, આપ (સ.અ.વ.) ખુશ/નાખુશ થતાં નારાજ પણ થતાં, બીમાર પડતા, ઘાયલ થતાં જંગે ઓહદમાં આપના દાંત તૂટયા, આપના શરીરમાંથી લોહી પણ નીકળતું, આપને ભૂખ-તરસ લાગતી, થકાવટનો અનુભવ થતો, આરામની જરૂરત પડતી, આપની અંદર ઈન્સાની ખ્વાહિશો (ઈચ્છાઓ) પણ રહેતી હતી, પોતાની બીવીઓથી મળતા, આપને ત્યાં ઔલાદો પૈદા થઇ ટૂંકમાં તમામ ઈન્સાની જરૂરિયાતો આપની અંદર સમાયેલી હતી. ત્યાં સુધી કે, આપનો અવસાન પણ થયું અને આપ દફન પણ થયા, દરેક સમજદાર/બુદ્ધિશાળી માણસ અંદાજો લગાવી શકે છે કે, જો આપ નૂર હોત તો આ તમામ મનુષ્યની જરૂરિયાતો અને સમસ્યાઓનો મતલબ શું ?

## નબીઓનું માણસ હોવું અને પહેલાની કૌમો

અમ્બિયા અને રસુલનું બશર (ઈન્સાન) હોવું એવી ખુલ્લી અને નક્કર હકીકત છે કે, પહેલાની કૌમો મુશરિકો અને કાફિરોને પણ તેનો વિશ્વાસ હતો. પરંતુ તેઓ તો અમ્બિયાઓ વિશે એવું કહેતા હતા કે, આ તો અમારા જેવા ઈન્સાન છે. ખાય છે, પીયે છે, બજારોમાં જાય છે, આવે છે. તેમની ઉપર અમે કેવી રીતે ઇમાન લઇ આવીએ ? આ સંબંધમાં કુર્આનમાં ઘણી આયતો છે. એક આયત અત્રે રજૂ છે.

“એ તો બસ તમારી જેમ જ માણસ છે. ખાય છે જેવી રીતે તમે ખાવ છો અને પીયે છે, જેમ તમે પીયો છો. જો તમે તમારા જેવા ઈન્સાનની પેરવી કરશો (અનુસરશો) તો ઘણી જ ખોટમાં રહેશો.” (સુરએ અલ્મુઅમિનુન ૩૩-૩૪)

કેટલીક આયતોમાં વર્ણન છે કે, આગળના મુશરિકોએ કહ્યું કે, જો અલ્લાહ તઆલા કોઈ ફરિશ્તાને રસુલ અને નબી બનાવીને મોકલ્યો હોત તો અમે ઈમાન લઈ આવત. માલૂમ પડયું કે પહેલાના મુશરિક લોકોનો ખ્યાલ એ હતો કે, જે ઈન્સાન છે તે રસૂલ કેવી રીતે થઈ શકે ? અને આજના ઈસ્લામના ઉપરોકત વર્ગના લોકોનું ખ્યાલ છે કે જે રસુલ છે તે ઈન્સાન કેવી રીતે થઈ શકે ? ફકત શબ્દોના ફેરફાર છે. તેઓ રસુલને ઈન્સાન માનતા હતા અને ઉપરોકત મુસલમાન વર્ગ રસુલને ઈન્સાન નથી માનતો.

## રસુલુલ્લાહ (સ.અ.વ.) નો પડછાયો ન હોવું.

રસુલુલ્લાહ (સ.અ.વ.) ના નૂર હોવાનો રદ પહેલા જ પાછલા પાનાઓમાં કરવામાં આવ્યું છે. અને સાબિત કરી બતાવ્યું છે કે આપ માદ્દી શરીર (મનુષ્ય શરીર) ધરાવનાર ઈન્સાન હતા અને તમામ ઈન્સાની તકાદાઓ, જરૂરિયાતો આપને ભોગવવી પડતી હતી. જેનો જરૂરી તકાદો છે કે આપના શરીરનો પડછાયો પણ હોય. અહીં એવી સહીહ રિવાયતોનો વર્ણન કરવામાં આવે છે જેમાં આપનો સાયો (પડછાયો) હોવાનું સાબિત થાય છે.

(૧) મુસનદ અહમદમાં હઝરત આઈશહ (રઝિ.) ની રિવાયત છે, જેમાં હઝરત ઝૈનબનું બયાન નકલ કરવામાં આવેલ છે કે, હું રસુલુલ્લાહ (સ.અ.વ.) ના સાયામાં આવી રહી હતી. (મુસનદ અહમદ ૬/૨૬૧, ૧૩૨, ૩૩૮ અને મજમઉઝ્ઝવાઇદ ૪/૨૨૩માં અમુક ફેરફારો સાથે)

(૨) અલ્લામહ ઈબ્નુલ જૌઝી (રહ.) એ જામેઅ ઈબ્ને વહબના હવાલાથી હઝરત અનસની રિવાયત નકલ કરેલ છે. જેમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાના માટે અને સહાબાઓ માટે ઝિલ્લી વઝિલ્લુકુમ (મારો અને તમારો પડછાયો) ના શબ્દો ઉપયોગ કરેલ છે.

(હાવિલ અરવાહ ઈલા બિલાદિલ્ઈફરાહ પેજ નં. ૨૪ મીસરમાં છપાયેલી)

આ સહીહ રિવાયતોથી સાબિત થાય છે કે, રસુલ (સ.અ.વ.) નો સાયો હતો જે જમીન ઉપર પડતો હતો. રસુલુલ્લાહ (સ.અ.વ.) બશર ઈન્સાન હોવાના કારણે આપનો સાયો હોવું પણ જરૂરી છે. અને જેના ઈન્કાર માટે સાચી દલીલ હોવી જરૂરી છે.

રસુલુલ્લાહ (સ.અ.વ.) નો સાયો પડછાયો ન હોવાનો વિચાર પણ એક ગૈર ઈસ્લામી વિચાર છે. અને આ વિચાર આપ (સ.અ.વ.) ને નૂર તરીકે ઓળખાવવા માટેનું પરિણામ છે. પરંતુ એવી પોકળ વિચારધારાની સાથે એકબીજો મુસ્લિમ વર્ગ પણ આવ ભાઈ હરખા આપણે બેય સરખાની કહેવતને સાર્થક બનાવી જોડાઈ ગયો છે.

## ઉપરોક્ત વર્ગની માન્યતાઓ

અહમદ રઝા બરેલ્વીનો રિસાલો નફીઉલ્ફયઅમ્મન અનારબિકુલ્લિશૈઈન જેના હવાલાઓ પાછલા પાનાઓમાં પણ લખાયેલ છે. આ રિસાલાના નામનો અર્થ જ એ થાય છે કે, તે હસ્તી (જાત) ના પડછાયાનો ઈન્કાર જેના નૂરના પ્રકાશથી દરેક વસ્તુ પ્રકાશિત છે. આ કિતાબનું નામ એ જાહેર કરે છે કે આપ (સ.અ.વ.) ઈન્સાન ન હતા પણ નૂર હતા. અને આપનો પડછાયો જમીન ઉપર પડતો ન હતો. આ કિતાબમાં લખેલ છે કે, આપનો સાયો ઝમીન ઉપર પડતો ન હતો અને આપ તો માત્ર નૂર હતા. જયારે તડકા અને ચાંદનીમાં ચાલતા આપનો સાયો નજરે પડતો ન હતો.

(નફીઉલ્ફયઅમ્મન અનાર બિકુલ્લીશૈઈન મજમુઆ રિસાલાઓ પેજ નં. ૨૦૨)

આ સંબંધે અમુક શેર પણ લખાયેલા છે.

**"તુ હૈ સાયા નૂરકા હર અઝ વ ટૂકળા નૂર કા,**

**સાયેકા સાયા ન હોતા હૈ ન સાયા નૂર કા,**

**તેરી નસલ પાકમે હૈ બચ્ચા બચ્ચા નૂર કા,**

**તુ હૈ ઐન નૂર તેરા સબ ઘરાના નૂર કા."**

(નફીઉલ્ફયઅમ્મન અનાર બિકુલ્લિશૈઈન પેજ નં. ૧૨૪)

સુબ્હાનઅલ્લાહ ! અહમદ રઝાએ ફકત આપને ઈન્સાનીયત અને આપનો સાયો હોવાનો ઈન્કાર કર્યો. પરંતુ તેમની તમામ ઔલાદને નૂરી મખ્લૂક કરાર આપી દીધી. વાત એમ છે કે, આવી રીતના અકીદાઓના કારણે જ એ લોકોની અંદર અકીદએ હુલૂલ (ખૂદા રસૂલની જાતમાં સમાઇ ગયો) પૈદા થઇ ગયું અને એના લીધે લોકોએ યહુદી અને નસારાના અકીદાઓને દીનમાં શામેલ કરી દીનને હાસ્યસ્પદ બનાવીને રાખી દીધું. આ સંબંધમાં તે ઉપરોકત વર્ગનો એક શેર જે તેઓમાં ઘણો જ પ્રચલિત છે અને કોઈપણ તેમના વર્ગનો માણસ તેનાથી ઈન્કાર નથી કરી શકતો. શેર આ પ્રમાણે છે.

"વોહી જો મુસ્તવીએ-અર્શ થા ખુદા હોકર, ઉતર પડા મદીનેમેં મુસ્તુફા હોકર." (નઉઝુબિલ્લાહ)

**નોંધ : પ્રસ્તુત લેખ "સીરતે નબવી અને ગેરઈસ્લામી વિચારો" જંબુસરથી પ્રકાશિત 'નિદા-એ-હક' માંથી સાભાર ઉપયોગમાં લીધેલ છે. પ્રકાશકનું કુર્આન અને હદીષના સંદર્ભો સિવાય લેખકના વિચારોથી સહમત હોવું જરૂરી નથી.**

## ઈસ્લામિક ઈન્ફોર્મેશન સેન્ટર–ભુજ દ્વારા પ્રકાશિત પુસ્તકો

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક-સંકલન | કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧ | સિરતુન્નબી (સ.અ.વ.) કિવઝ | અબુ વસીમ અ.રહીમ મુહમ્મદી | સ્ટોક ખતમ |
| ૨ | ઈદે કુરબાં : અહ્કામ વ ફઝાઈલ | મૌ. રઝાઉલ્લાહ અ.કરીમ મદની | ૧૦ |
| ૩ | અલ્લાહકા વાદા ઔર આજકા મુસલમાન | ડૉ. મુહમ્મદ ઈસ્માઈલ કુરેશી | સ્ટોક ખતમ |
| ૪ | મસાઈલે મૈયત | મૌ. અકબર અલી અષરી | સ્ટોક ખતમ |
| ૫ | પીરી-મુરીદી ઔર બૈત | મુખ્તાર અહમદ મુહમ્મદી, મદની | સ્ટોક ખતમ |
| ૬ | ગુનાહે કબીરા | ઈમામ શમ્સુદ્દીન ઝહબી (રહ.) | ૩૦ |
| ૭ | ઝકાત : મહત્વતા અને મસાઈલ | સંકલીત | સ્ટોક ખતમ |
| ૮ | તોહફા-એ-રમઝાન | સંકલીત | સ્ટોક ખતમ |
| ૯ | ૫૦ મકબુલ દુઆએં | સંકલીત | સ્ટોક ખતમ |
| ૧૦ | ફઝાઈલે કુર્આન મજીદ (સંક્ષિપ્ત) | મૌ. મુહમ્મદ ઈકબાલ કીલાની | ૧૫ |
| ૧૧ | દુઆએં | મૌ. શાહીદ જામઈ 'રાજકોટી' | ૪૦ |
| ૧૨ | સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ | ડૉ. સાલેહ બિન ફઉઝાન | ૪૦ |
| ૧૩ | મીલાદુન્નબી અને મોહબ્બતે રસુલ (સ.અ.વ.) | ડૉ. ફઝલૂર્રહમાન મદની | ૧૦ |
| ૧૪ | ઉમ્મત પર રસુલ (સ.અ.વ.) કે હુકુક | સંકલન : મુહમ્મદ સઈદ, ટોંક | ૫ |
| ૧૫ | સિરતુન્નબી (સ.અ.વ.) કિવઝ (બીજી સુધારેલી આવૃતી) | અબુ વસીમ અ.રહીમ મુહમ્મદી | ૨૦ |
| ૧૬ | સીરતે નબવી અને ગેરઈસ્લામી વિચારો | મૌ. અબુલઆસ વહીદી | ૧૦ |
| ૧૭ | તોહફા-એ-રમઝાન | સંકલીત | વિના મૂલ્ય |
| ૧૮ | સજદ-એ-સહુ | શૈખ મુહમ્મદ બિન સાલેહ ઉસૈમીન | ૧૦ |
| ૧૯ | તૌહીદ પરીચય (પોકેટ સાઈઝ) | શૈખ મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ | ૫ |
| ૨૦ | તફસીર સૂરઃ ફાતીહા | હાફીઝ સલાહુદ્દીન યુસુફ | અન્ડર પ્રિન્ટ |
| ૨૧ | નમાઝ સ્ટીકર (મલ્ટી કલર) | સંકલીત | ૧૦ |
| ૨૨ | ઈતિહાસ પલટનાર મહાન વ્યકિત..... | સંકલીત | અન્ડર પ્રિન્ટ |
| ૨૩ | નમાઝે નબવી (સ.અ.વ.) | સંકલીત | અન્ડર પ્રિન્ટ |

ઇકરા પ્રિન્ટર્સ, ભુજ. મો. ૯૯૭૯૩ ૨૯૭૦૩